JAIN KRANTI

# જૈન ક્રાંતિ

Vol. 15 | Issue 1 | Mumbai | May - 2024| Price Rs. 5/- | Pages : 44


શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘના ઉપક્રમે


## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે

## મહાતપોત્સવ - દીક્ષા મહોત્સવની સંપન્નતાએ પ્રસરાયા અહોભાવના સ્પંદનો




## તપ ધર્મનો જય-જયકાર
## સંયમ ધર્મનો જય-જયકાર






## શુભ ભાવે ઈતિહાસ રચાયો - નત મસ્તકે અનુમોદના થઈ


• 70થી વધુ પૂજનીય સંત-સતીજીઓની પાવન ઉપસ્થિતિ •

• 170થી વધુ countriesના ભાવિકોએ રાતભર જાગી માણ્યો મહોત્સવ •

• 1008 આયંબિલ આરાધિકાને World Recordનું Certificate એનાયત •

• 2 લાખથી વધુ ભાવિકો મહાતપસ્વીને પારણા અર્થે સાકર અર્પણ કરી ધન્ય બન્યાં •

• મહોત્સવની યશકલગી, માનવસેવા medical સહાય માટે શ્રી વિલેપાર્લે સંઘને 2 કરોડ અર્પણ •









## તપ ધર્મનો જય જયકાર

**1.** ઊંચેરા આસને બિરાજ્યાં મહાતપસ્વી **2.** મહાતપસ્વીને "World Record Certificate"ની અર્પણતા **3.** સંઘપતિ શ્રી અર્હન મનન પરાગભાઈ શાહ પરિવાર

## સંયમ ધર્મનો જય જયકાર







''मम मुंडावेह, मम पव्वावेह, मम वेशम् समुप्पेहावह''ના ભાવોમાં મુમુક્ષુ શ્રી યશ્વી દીદી

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th May 2024, YEAR: 23, ISSUE - 278
PAGES : 40 + 4 • RETAIL PRICE : ₹ 5

અનંત જલબિંદુના સમૂહથી બને છે નદીની ધારા,
અનંત ક્ષણોના સમૂહથી બને છે સમયની ધારા !

સમયની એ ધારામાં અનંત ક્ષણો આવે છે,
વહી જાય છે અને વિસ્મૃત બની જાય છે
પરંતુ કોઈક ક્ષણો એવી પણ હોય છે,
જે આવે છે, વહી પણ જાય છે, પરંતુ વહેતાં પહેલાં....
**અનેકોના નયન પટ પર, અનેકોના હૃદય પટ પર,**
**અનેકોના સ્મૃતિ પટ પર અને યોગ પટ પર કદી ન મીટે એવા**
**અમીટ સંભારણા અંકિત કરી જતી હોય છે !**

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ**
**શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**ના સાંનિધ્યે
સર્જાયેલાં પ્રસંગો, અવસરો, ઉત્સવો અને મહોત્સવના
સમીટ સંભારણા ઇતિહાસના પટ પર અંકિત કરી ગયેલી
એ ક્ષણો, સમેટાઇ ગઇ છે **જૈન ક્રાંતિના આ પ્રસ્તુત અંકમાં !**

**અદ્ભુત, અલૌકિક એ ક્ષણોને માણીએ...**
**વંદનીય એ ક્ષણોને અહોભાવથી વંદી રહીએ...**
**અભિવંદી રહીએ...**
**આપણાં અંતર પટ પર સમેટી લઈએ!!!**

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-9987380222

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

**: SUBSCRIPTION :**

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક : **+91-9324808181**

**TO KNOW MORE ABOUT**
**RASHTRASANT PARAM GURUDEV**
**CONTACT ON: +91-63599 09090**

# Jio World Centreમાં એક એવો પ્રેરણાત્મક અવસર યોજાયો

**જ્યાં મહાતપસ્વીના તપસન્માન અને Successની સમજ સાથે ગૂંજી ઉઠ્યો મંત્રમાનવના શ્રીમુખેથી મંત્રનો દિવ્ય ધ્વનિ અને માનવતા અને કરુણાનો જયઘોષ !**

**લહેરાયા ભક્તિના સંગીતમય સુર અને સંકલ્પના સિદ્ધનાદ !**

7 in ONE Utsav
7 STEPS OF SUCCESS











Reliance પરિવારના શ્રી નીતાબેન અંબાણીના vision દ્વારા સર્જાયેલા મુંબઈના સુપ્રસિદ્ધ અને વિશાળ Jio world convention centreમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના સાંનિધ્યમાં પારસધામ અને અર્હમ યુવા ગ્રુપ દ્વારા આયોજિત 7 In One ઉત્સવ - 7 Steps of Successને ઉપસ્થિત હજારો ભાવિકોએ અને YouTube અને Facebookના માધ્યમથી દેશ-વિદેશના લાખો ભાવિકોએ ન માત્ર માણ્યો પણ અનેક પ્રકારની પ્રેરણાને પામ્યાં.







પધારો પધારો મહાતપસ્વી

## મહાતપસ્વી મહાસતીજીના અહોભાવભીના વધામણા:

સ્થાનકવાસી જૈન સમાજના ઇતિહાસમાં પ્રથમવાર એક સાધ્વીજી સ્વરૂપે અખંડ 1008 આયંબિલ તપની આરાધના કરનાર મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીના દર્શન કરી ઉપસ્થિત સમુદાય અહોભાવ સાથે અંજલિબદ્ધ અને નતમસ્તક બન્યો હતો.

વિશેષ ભાવ સાથે ઉપસ્થિત સમસ્ત મુંબઈના 108થી વધુ જૈન સંઘો અને સંસ્થાઓએ મહાતપસ્વીના તપના અહોભાવથી સન્માન કરી ધન્ય બન્યાં હતાં. જ્યારે દેવાનુપ્રિય શ્રી માનસીબેન શાહ, શ્રી મીનાબેન દેસાઈ, શ્રી કુંજનબેન છેડા,શ્રી પૂર્વીબેન મેઘાણી, શ્રી કાજલબેન શેઠ,શ્રી સોનલબેન શાહ, શ્રી મીલીબેન શેઠ, શ્રી મોનાબેન અજમેરા, શ્રી મિનલબેન દેસાઈ, શ્રી પૂર્વીબેન પટેલ, શ્રી રશ્મિબેન મોદી એ મહાતપસ્વીની ગૌરવવંતી શાલ અર્પણ કરી એમના સુદીર્ઘ અને કઠિન તપની અહોભાવભીની અનુમોદના કરી હતી.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવે **successનો પ્રથમ મંત્ર** આપતાં સમજાવ્યું હતું કે,

> **‘Life की test में वही जीत सकता है,**
> **जिसने अपने Taste पर control किया हो।’**

મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીએ સ્વયંના taste પર વિજય પ્રાપ્ત કર્યો ત્યારે જ આટલી આરાધના કરી શક્યાં. જેમને પોતાના mind પર control કર્યો છે, એ તપસ્વી છે.




‘મહાતપસ્વી’ની ગૌરવ શાલ સન્માન અર્પણ કરીને ધન્ય બન્યાં અમારા જીવતર

## મંત્રના માનવના શ્રીમુખેથી ગૂંજ્યો મંત્રનાદ:

છેલ્લા 32 વર્ષથી ગૂંજી રહેલો એ જ ચિર-પરિચિત બ્રહ્મનાદ, એ જ ચિર-પરિચિત સ્વરબદ્ધ તાલ, એ જ લય, એ જ ગતિ અને સંકલ્પ સિદ્ધિ કરાવનારી એ જ વિધિપૂર્વકની મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ સાધના, ન માત્ર વિશાળ જન સમુદાયને લયલીન બનાવીને અલૌકિક અનુભૂતિ કરાવી ગઈ પરંતુ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની જન્મ જન્મની સાધક દશાનો, એમના અંતરના પ્રભુ પ્રેમનો અને દિવ્ય તત્ત્વ સાથે નામ જોડાણનો પરિચય પણ આપી ગઈ.

### એ દિવ્ય અનુભવ:

તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથ પ્રત્યે અત્યંત ભક્તિભાવ ધરાવતાં Indian cricket teamના ભૂતપૂર્વ player શ્રી દિલીપભાઈ જોશીએ 43 વર્ષ પહેલાં શ્રી ઉવવસ્સહરં સ્તોત્રના પ્રભાવની એમને થયેલી અનુભૂતિ અભિવ્યક્ત કરતાં કહ્યું હતું કે, વર્ષ 1981ની 1st FebruaryએAustraliaમાં એમના ડાબા પગે ઇજા થતાં fracture આવવાથી તેઓ ચાલી પણ નહોતા શકતાં જેના કારણે અઠવાડિયા પછી melbourneમાં રમનારી મેચમાં રમવું અશક્ય હતું છતાં 7th Februaryના દિવસે એક પણ pain killer લીધા વિના તે આખી match રમ્યાં અને પાંચ - પાંચ wicket લઈને Indiaને વિજય અપાવ્યો. એ શક્ય બન્યું માત્રને માત્ર શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના રટણથી એવા એ સ્તોત્રના સિદ્ધ સાધક રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના ગત વર્ષે પારસધામ ગિરનારમાં પ્રથમ દર્શને ન માત્ર એક દિવ્ય અનુભૂતિ થઈ પરંતુ એમના શ્રીમુખેથી શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સાધના અને એના પ્રભાવ વિશે જાણીને હું અહોભાવિત થઈ ગયો.



**'અલૌકિક એ અનુભૂતિ આજે પણ યાદ છે'**
**ભૂતપૂર્વ ક્રિકેટર શ્રી દિલીપભાઈ જોશી**



**માનવતાનો મંત્ર આપી રહ્યાં માનવતાના મસીહા**

'मंत्र अपने आप में एक सफलता है'... આ ભાવ સાથે પરમ ગુરુદેવે આત્મસ્પંદિત કરતી દિવ્ય અને મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ સાધના કરાવી મંત્ર દ્વારા **successનો દ્વીતિય મંત્ર** આપતાં ફરમાવ્યું હતું કે,

**मंत्र वह है जो दिखता नहीं है,**
**लेकिन करता सब कुछ है, जैसे electricity!**

- જેમ યોગ્ય keyથી જ lock open થાય તેમ જો યોગ્ય લયથી મંત્રોચ્ચાર કરવામાં આવે તો ઉર્જા પ્રગટ થાય, નહીં તો માત્ર અવાજ બની રહે.
- મંત્ર આપણા કલ્યાણ મિત્ર હોય છે, જો જમતાં પહેલા ભાવ અને શ્રદ્ધાથી મંત્ર ઉચ્ચાર કરો તો ભોજન, પ્રસાદ બની જાય અને જો meeting પહેલાં કરો તો કોઈ તમારી સાથે cheating ન કરે !
- મંત્રનો લય, આપણા મનને વિલય કરવાનો ઉપાય છે.
- દેખાય નહીં છતાં એક silencer જેમ આપણી રક્ષા - સુરક્ષા કરે તે મંત્રોની ઉર્જા !
- મંત્ર સરીખો કોઈ મિત્ર ન હોય !

ત્યારબાદ સેવાનો મંત્ર આપીને **successનો તૃતીય મંત્ર** આપતાં પરમ ગુરુદેવે સમજાવ્યું હતું કે,

**સેવા જ્યાં જ્યાં, success ત્યાં ત્યાં !**


- જ્યાં સ્વાર્થ હોય ત્યાં કદી સફળતા ન હોય અને જ્યાં પરમાર્થ હોય ત્યાં સફળતા મળ્યા વિના રહેતી નથી.
- પોતાના દુ:ખના સમયે પણ જેને બીજાનું દુ:ખ દૂર કરવાના ભાવ જાગે, તે માનવ નહીં, મહામાનવ હોય.
- જેના દિલમાં કરુણા, તે જ પરમાત્માના અંશ હોય !

## અનંતની અનંત કરુણાને ધન્ય ! - સંપત્તિ અને સેવાનું સંગમ 'અનંત અંબાણી' !

જામનગર સ્થિત વિશાળ વિસ્તારમાં સર્જાયેલાં 'વનતારા' પ્રકલ્પ અંતર્ગત લાખો અબોલ પશુ-પંખીની સારવાર, સેવા અને સુરક્ષા કરીને એમને શાતા, સમાધિ અને નવજીવન આપવાનો પાવન પરમાર્થ કરી રહેલાં reliance પરિવારના શ્રી અનંત અંબાણી ન માત્ર વનતારાના સર્જક બની રહે છે પરંતુ હાથી જેવા વિશાળ કાય પ્રાણીની endoscopy ચાલી રહી હોય કે પછી ગાયની આંખનું laser operation થઈ રહ્યું હોય એવા નાના કે મોટા પ્રાણીઓની treatment સમયે સ્વયં હાજર રહીને પોતાની અંદરના પ્રાણી પ્રેમ અને કરુણા ભાવનાનું દર્શન કરાવી રહ્યા છે ત્યારે તેમની જીવદયા પ્રત્યેની અનુમોદનાના સૂરમાં સહુએ પોતાનો સૂર પૂરાવ્યો હતો.

### Relianceના અનંત અંબાણીની આભાર અભિવ્યક્તિ:

શ્રી અનંત અંબાણીએ Jio world convention centreમાં પરમ ગુરુદેવના આગમન બદલ આભાર અભિવ્યક્ત કરતાં કહ્યું હતું કે, પરમ ગુરુદેવ દ્વારા જીવરક્ષા અને જીવદયાની જે પ્રેરણા એમને મળી છે તે પ્રેરણાને જો બધાં જ લોકો ઝીલીને જીવદયા કરવા લાગે તો આ જગત કેટલું સુંદર બની જાય. પરમ ગુરુદેવ તે માત્ર જૈનોના ગુરુ નથી પરંતુ મારા, તમારા, બધાંના જ ગુરુ છે. એ સાથે જ, ગિરનારમાં પરમ ગુરુદેવના દર્શનની ક્ષણોનું સંસ્મરણ કરતા શ્રી અનંત અંબાણીએ કહ્યું હતું કે પરમ ગુરુદેવનો સંયમભાવ અને એમની અપરિગ્રહી જીવનશૈલી પ્રત્યે અત્યંત અહોભાવની અનુભૂતિ થાય છે. આવા સુંદર ભાવો સાથે શ્રી અનંત અંબાણીએ પોતાના અંતરના સ્નેહભાવના દર્શન કરાવ્યાં હતાં.



અંતર અભિવ્યક્તિ શ્રી અનંત અંબાણીની

## Painનું future, pain - હૃદયદ્રાવક પ્રસ્તુતિ 'मैं बेझुबान हूँ, बेजान नहीं:

આજના યુગમાં માંસાહાર તરફ દોરાઈ રહેલી યુવા પેઢી સુધી દયા, અનુકંપા અને અહિંસાનો સંદેશ આપતી સંવેદનશીલ પ્રસ્તુતિના દશ્યો સહુના હૃદયમાં અકથ્ય સંવેદનાનો સંચાર કરી ગયા હતા.

જેને નિહાળી ઉત્સવમાં ઉપસ્થિત **હજારો ભાવિકો આજીવન માંસાહારના ત્યાગ માટે પ્રતિજ્ઞાબદ્ધ** થઈ ગયા હતા.





બેજોડ અદાકારી, બેજોડ દશ્યાંકન, 'મૈ બેઝુબાન હું, બેજાન નહીં'

## સર્જાશે એક કરુણાનું ધામ અબોલ જીવોની શાતાનું ધામ "Param Animal Hospital':

**રોગગ્રસ્ત, વેદનાગ્રસ્ત, ઘાયલ અને દર્દથી કણસતાં પશુ-પંખીઓની સારવાર કોણ કરશે ? ક્યાં કરશે ? કેવી રીતે કરશે ?**

પરમ ગુરુદેવના અંતરમાં અબોલ જીવો પ્રત્યેની કરુણા ભાવનાથી ઉદ્‌ભવેલાં આ પ્રશ્નના જવાબ સ્વરૂપ દરેક પ્રકારની આધુનિક સુવિધાથી સજ્જ 21 કરોડ રૂપિયાના ખર્ચે બનનારી વિશાળ Param Animal Hospitalના પરમધામમાં સર્જન સંકલ્પની ઉદઘોષણા કરવામાં આવતાં દરેક જીવદયાપ્રેમી ભાવિકોનું હૃદય 'અનુમોદના અનુમોદના' પોકારી ઉઠ્યું હતું.

એક સાથે અનેક ગાયોને રાખવા માટેનું વિશાળ 'Cow shelter', 'Dog shelter', Rabit જેવા નાના જીવો માટેના special unitની વ્યવસ્થા સાથે Emergency treatment, I.C.U Operation Theatres, general ward, Radiology Centre, Sterile Room, isolation department, facility for all cancer surgery, ultra sound therapy, sonography machine, special kitchen for animal food, આદિ અને પ્રકારની advance medical facilities સાથે બનનારી આ હોસ્પિટલમાં જ્યાં સુધી કોઈપણ જીવ પૂર્ણરૂપે સ્વસ્થ ન થઈ જાય ત્યાં સુધી એની સાર-સંભાળ કરીને પછી એને સુરક્ષિત સ્થાન પર મુક્ત કરવા સુધીનું કર્તવ્ય બજાવવામાં આવશે.



**શ્રી અવંતિભાઈ કાંકરિયા, જૈન સોશિયલ ગ્રુપના શ્રી અમીષભાઈ દોશી, શ્રી યોગેશભાઈ લાખાણી, શ્રી સી.વી.શાહ, ભારત જૈન મહામંડળના શ્રી ચીમનલાલભાઈ ડાંગી, પાર્લાના શ્રી ઉમેશભાઈ સંઘવી આદિના હસ્તે Param Animal Hospital Project Launch**

## શ્રી દેવેન્દ્રજી ફડણવીસઃ


Maharashtraના Deputy Chief Minister માનનીય શ્રી દેવેન્દ્રજી ફડણવીસે આ અવસરે અબોલ જીવોને શાતા-સમાધિ આપનારા 'Param Animal Hospital' રૂપી માનવતાના પ્રકલ્પ માટે પરમ ગુરુદેવની કરુણા ભાવના પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો હતો. તે સાથે જ સમગ્ર સ્થાનકવાસી જૈન ઇતિહાસમાં પ્રથમવાર મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીની અખંડ 1008 આયંબિલ મહાતપ સાધના પ્રત્યે અહોભાવ અને શુભેચ્છા વંદન અર્પણ કર્યા હતાં.




**करुणानिधान को मेरी वंदना, महातपस्वी को मेरी वंदना - श्री देवेन्द्रजी फडनवीस**

## 'Soulful Symphony'

લોકપ્રિય ગાયક કલાકાર પદ્મશ્રી કૈલાશજી ખેર, શ્રી પાર્થિવભાઇ ગોહિલ અને શ્રી ગીતાબેન રબારીના મધુર સ્વરે કર્ણપ્રિય સંગીત સાથે સર્જાયેલી Soulful symphonyના વહેતાં સૂરોની સાથે વિરામ પામેલાં સેવન 7 in One ઉત્સવની ગૂંજ સૌના હૃદય ધબકારમાં સદાને માટે સમાય ગઈ !


ગુરુના આશીર્વાદ પામી ધન્ય બની રહ્યાં શ્રી પાર્થિવ ગોહિલ આદિ કલાકારો

तू ही किनारा,
तू ही सहारा,
तू जग सारा,
तू ही हमारा सूरज,
तू ही तारा...
जय-जयकारा,
गुरुवर देना
साथ हमारा।


શ્રી ગીતાબેન રબારી



Jio Centreના ramp પર વિરાટ વ્યક્તિત્વનું પદાર્પણ


પદ્મશ્રી કૈલાશજી ખેર



# કેસર છાંટીને લખવી કંકોત્રી રે...

## પારસધામમાં થયાં કેસરિયા,
## મહાતપોત્સવ - દીક્ષા મહોત્સવ આમંત્રણ પત્રિકા આલેખનના



### ...મારી ભાવના...

જેમના શ્રીમુખેથી દીક્ષાના દાન ગ્રહણ કરવાના છે, એવા અસીમ ઉપકારી પરમ ગુરુદેવ તેમજ જેમની નિશ્રામાં સંયમ જીવનના મંડાણ થવાના છે એવા ગુરુણીમૈયા વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીના કરકમલમાં આમંત્રણ પત્રિકા અર્પણ કરતાં મુમુક્ષુ શ્રી યશ્વીદીદીના દૃશ્યોએ અનેરી ભાવુકતા પ્રસરાવી.

'સંસારમાં દરેક વ્યક્તિ જ્યારે કાર્યની શરૂઆતમાં કાર્ય નિર્વિઘ્નતાએ પરિપૂર્ણતા પામે તેવા આશીર્વાદ માંગે ત્યારે, 'હે ગુરુભગવંતો આપની પાસે સંયમ જીવનમાં વિઘ્નો ન આવે એવું નથી માંગતી પણ વિઘ્નો આવે એ સમયે તેમાં સમભાવ રાખી વિઘ્નોથી સંયમમાં વિજયી બની શકું એવી કૃપાનું વરદાન માંગું છું.' મુમુક્ષુના અંતરની આવી ભાવ અભિવ્યક્તિ સાથે આ અવસર સહુના હૃદયમાં આવનારા મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવ માટેની પ્રતીક્ષા જગાવીને વિરામ પામ્યો.

### વહેતાં સમયની સાથે કેટલાંક અવસરો ભૂતકાળ બની જાય પણ કલ્યાણના અવસર ઇતિહાસ બની જાય:

પ્રસંગ એકનો હોય પણ પ્રસન્નતા બધાંની હોય, આરાધના-સાધના એકની હોય પણ આવકાર બધાંને હોય. આમંત્રણ આપવાની આવી પરંપરામાં પારસધામના પદાધિકારીઓ, શ્રેષ્ઠિવર્યો, બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકો તેમજ શ્રી વિલે-પાર્લે સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના શ્રી યોગેશભાઈ લાઠિયા, શ્રી ગિરીશભાઈ દેસાઈ, શ્રી અનિલભાઈ ભાયાણી, શ્રી પારસભાઈ બાટવીયા, શ્રી જગદીશભાઈ ઝોંસા, શ્રી મિલનભાઈ અજમેરા તેમજ મુમુક્ષુ શ્રી યશ્વીબેન નંદુના પરિવારજનો કચ્છ, લાકડીયા ગામના વતની વાગડ સમુદાયના અનેક ભાવિકોની ઉપસ્થિતિમાં મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવના મંગલ મંડાણ થયા હતાં.

### યુગોની પાટી પર ઇતિહાસ બની જનારા આ મહોત્સવમાં કૃપાનો વરસાદ:

પરમ ગુરુદેવના બ્રહ્મનાદે દિવ્ય મંત્રોના પ્રાગટ્ય સાથે કેસરના છાંટણે ભાવિકો દ્વારા અહોભાવથી આલેખન કરીને અંતરિક્ષમાં બિરાજમાન આદ્યગુરુ ભગવંતો, ઉપકારી તત્ત્વો અને દિવ્યાત્માઓને મહોત્સવમાં પધારવા માટે આમંત્રિત કરવામાં આવતાં સર્વત્ર હર્ષ હર્ષ છવાયો હતો.

### धण्णे सिणं तुमं देवाणुप्पिया

મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવની અનુમોદનાનો સમગ્ર લાભ લઈને ધન્ય બનનારા શ્રી પરાગભાઈ શાહ પરિવારની ભક્તિ ભાવનાની ભાવભીની અનુમોદના કરવામાં આવી હતી.



'વિજયી ભવ: મુમુક્ષુ' સંઘપતિ શ્રી અર્હન મનન પરાગભાઈ શાહ



મહાતપસ્વી અણગાર | ભાવિના અણગાર

સૌજન્ય: ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર, ઘાટકોપર

# સંસ્કારોને વંદન હજારો



મારા રોમે રોમે વૈરાગ્ય જાગ્યા,
આત્મ શુદ્ધિના સંકલ્પ સાધ્યા (2)
પ્રભુમય થવાના ભાવો ભાવ્યા
પરમ પથના પડઘમ વાગ્યા

સંયમ રંગે રંગાઈશ
ગુરુ ગુણ હું ગાઈશ

સંસ્કારોને  વંદન હજારો
પરમ પથ પામ્યો અણગારો (2)

સાર્થક થઈ જાશે જન્મારો
પરમ પથ પામ્યો અણગારો (2)

ગર્ભ સંસ્કારથી જીવન ઘડનારા
રત્નકુક્ષીણી માતાને વંદન મારા

આંગળી ઝાલી ભક્તિ કરાવનાર
પ્રેરણા આપનારા પિતાને વંદન મારા

સંસ્કારોને વંદન હજારો
પરમ પથ પામ્યો અણગારો (2)

સાર્થક થઈ જાશે જન્મારો
પરમ પથ પામ્યો અણગારો (2)
કૃપા ગુરુની વરસી એવી
જાગી ગયો સૂતેલો મારો આતમ

કરેમિ ભંતેનો નાદ સાંભળવા
થનગની રહ્યો મારો આજ આતમ

સંસ્કારોને  વંદન હો હજારો
પરમ પથ પામ્યો અણગારો (2)

સાર્થક થઈ જાશે જન્મારો
પરમ પથ પામ્યો અણગારો (2)

હર એક સૂરે, હર એક તાલે
ગાઉં હર શ્વાસે,નિત્ય પ્રભુના ગુણ

કર્મોને ક્ષય કરાવનાર
એક એક સાધનાનો થશે પ્રારંભ

સંસ્કારોને વંદન હો હજારો
પરમ પથ પામ્યો અણગારો (2)

સાર્થક થઈ જાશે જન્મારો
પરમ પથ પામ્યો અણગારો (4)

સૌજન્ય: શ્રી ગુરુભક્ત, જૂનાગઢ

# મુમુક્ષુના કર્યા સન્માન, મહાતપસ્વીની કરી અનુમોદના
## ધન્ય ધન્ય બન્યાં અમે સહુ સંઘો!

### દહીંસરમાં શ્રી વાગડ વિશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સાથે 7 સંઘોએ કર્યા મુમુક્ષુ શ્રી યશ્વીદીદીના સન્માન

**લુક એન લર્ન**ની બાલિકાઓની અનોખી નૃત્ય પ્રસ્તુતિ અને મુમુક્ષુના પિતાશ્રી મહેન્દ્રભાઈ નંદુના સ્વાગત વચનો સાથે સહુને મીઠાં આવકાર આપવામાં આવ્યા હતા.

**'સંસાર છૂટે ના છૂટે, સંસારનું વળગણ છોડી દઈએ.'** પરમ સત્યનું દર્શન કરાવનારા આવા વચનો સાથે પરમ ગુરુદેવે બોધ ફરમાવતાં કહ્યું હતું કે, 'મોટાભાગના જગતના લોકો જ્યારે ભ્રમના સંબંધોને સાચવવા પાછળ આખી જિંદગી વ્યતિત કરી દેતાં હોય ત્યારે આ ભવના સગા-સ્વજનો માત્ર ખુલી આંખના સગા છે, આંખ મિંચાયા પછી ન સગા રહે છે, ન સંબંધો રહે છે. આવું સત્ય જેને એકવાર સમજાય જાય છે, તેને સંસારમાં કોઈ રોકી નથી શકતું.'

'જે degreeને દેવતાઓ ઝંખે છે, એવી દીક્ષાની degree મારી દીકરીને મળી રહી છે.' શ્રી મહેન્દ્રભાઈ દ્વારા મુમુક્ષુ દીકરી પ્રત્યે અભિવ્યક્ત કરેલાં આવા ભાવો અનોખી સંવેદના પ્રસરાવી ગયાં.

મુમુક્ષુ શ્રી યશ્વીદીદીએ ઉપકારી માતા-પિતાના અહોભાવથી અક્ષત વધામણા કરી, માતૃ-પિતૃ વંદના અર્પણ કરતાં સહુ અહોભાવિત બન્યાં હતાં.

ગુરુદેવના સાંનિધ્યે ત્રણ વર્ષ પહેલાં ગિરનારમાં આયોજિત શિબિરમાં 'સમયં ગોયમ્ મા પમાયએ' રૂપી sign boardથી જીવનમાં આવેલા u-turnનું સંસ્મરણ કરીને શ્રી યશ્વીદીદીએ **'મારો આત્મા કદી સંસારમાં ખોવાય ન જાય'**, એવી આત્મરક્ષા કરવાની ગુરુચરણમાં યાચના કરી હતી.

દીક્ષાર્થી શ્રી યશ્વીદીદીના સંયમ ભાવની તેમજ મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીની કઠિન તપશ્ચર્યાની ભાવભીની અનુમોદના કરતાં દહીંસરના 7 સંઘો તેમજ શ્રી વાગડ વિશા ઓસવાલ Charitable Group દ્વારા એમના ભાવભીના સન્માન કરતાં હર્ષ હર્ષ છવાયો હતો.



અમારા દહિસરનું ગૌરવ પધારી રહ્યાં અમારા દીક્ષાર્થી




દહિંસરના દીક્ષાર્થી દીકરીના બહુમાન, દહિંસરના શ્રી સંઘોએ દીપાવ્યાં સન્માન

# સમસ્ત મલાડ, બોરીવલી, કાંદિવલી અને દહીંસરના શ્રી સંઘોના ઉપક્રમે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ યોગીનગરના આંગણે યોજાયો 'સન્માન સમારોહ'

**મહાન સહનશીલતા -** ડૉ. પૂજ્ય શ્રી જશુબાઈ મહાસતીજીએ મહાતપસ્વી મહાસતીજીની સહનશીલતાને મહાન તરીકે ઓળખાવીને કહ્યું હતું કે, ત્યાગ તો જ ટકી શકે, જો અંદરમાં વૈરાગ્ય સમાયેલો હોય. ભોગને ત્યાગીને, યોગી અને અણગાર બનવા જઈ રહેલાં મુમુક્ષુ શ્રી યશ્વીદીદી પોતાની આધ્યાત્મિક શક્તિ ખીલવવા જઈ રહ્યાં છે. એ જ્યાં જશે, ત્યાં ખીલી જશે.

**ત્યાગીનું સન્માન ત્યાગથી -** ગુરુ ચરણમાં જે સમર્પિત હોય, તે જ આવા મહાન તપસ્વી બની શકે. આવા ભાવો સાથે તપસ્વી આત્મા અને મુમુક્ષુ આત્માના ત્યાગની પ્રશસ્તિ કરતા પૂજ્ય શ્રી પૂર્વીબાઈ મહાસતીજીએ સપ્તાહના દરેક દિવસ અલગ અલગ ત્યાગની પ્રેરણા કરતા સહુ એ હર્ષભેર ઝીલી લીધી હતી.

**લારી આહારનો ત્યાગ -** મુમુક્ષુ શ્રી યશ્વીદીદીએ સુંદર ભાવો સાથે અંતરના સંયમ ભાવની અભિવ્યક્તિ કરીને ઉપસ્થિત સૌને લારી ગલ્લા પર ઊભાં ઊભાં ન ખાવાના ત્યાગ ની પ્રેરણા કરતાં, અનેક ભાવિકો પ્રતિજ્ઞાબદ્ધ થયાં હતાં.

**સંકલ્પ અપાવે સિદ્ધિ -** મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીએ પોતાની તપશ્ચર્યાની સિદ્ધિનો સમગ્ર શ્રેય ગુરુકૃપાને આપીને કહ્યું હતું કે, ગુરુકૃપા જ સંકલ્પ સિદ્ધિની પ્રાપ્તિ કરાવે છે.

**વિજય તિલક -** દીક્ષાર્થી મુમુક્ષુ શ્રી યશ્વીદીદીને વિજય તિલક કરવાની ઉછામણીનો લાભ પાવનધામના પ્રમુખ શ્રી દિનેશભાઈ મોદી પરિવાર એ લીધો હતો.

**સન્માન વધામણા -** શ્રી પાવનધામ સંકુલના સોહમ મહિલા મંડળના બહેનોએ મહાતપસ્વી મહાસતીજીને શાલ અર્પણ કરીને એમને સન્માનિત કર્યા હતા. શ્રી બોરીવલી સંઘ, શ્રી કાંદિવલી સંઘ, શ્રી દહાણુકરવાડી સંઘ, શ્રી અશોકનગર સંઘ, શ્રી કાર્ટર રોડ સંઘ, શ્રી મહાવીરનગર સંઘ, શ્રી મૂલજીનગર સંઘ, શ્રી કાંદિવલી મોટા સંઘ આદિ અનેક સંઘો દ્વારા મહાતપસ્વી મહાસતીજી અને મુમુક્ષુ આત્માના અહોભાવભીના સન્માન દ્વારા આ અવસર વિરામ પામ્યો હતો.




**યોગીનગરમાં યોગીઓની વાણી શ્રવણમાં લીન ભાવિકો**



**'અહો દીક્ષાર્થી ! આપનો સંયમ પ્રશસ્ત બનો' સન્માન કરતાં શ્રીસંઘ**

## સ્મિત નહીં પણ સમજ સાથેની પ્રીત બાંધવી, એ હોય દીક્ષા !

## ઘાટકોપરના સમસ્ત શ્રી સંઘોએ કર્યા દીક્ષાર્થીના સન્માન

શ્રી વિભાબેન રાજુભાઈ બાવીસીના આંગણેથી વાજતે ગાજતે પ્રારંભ થયેલ જય જયકાર ગજાવતી સંયમ સન્માન યાત્રા ગાજતી - ગૂંજતી ગુરુકુળ સ્કૂલના પ્રાંગણે પધારી હતી. આ યાત્રામાં સમસ્ત ઘાટકોપરના શ્રી સંઘો અને બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયાં હતાં. સમસ્ત ઘાટકોપરના શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ - હિંગવાલા લેન, શ્રી કામાગલી સંઘ, શ્રી ગારોડિયા નગર સંઘ, શ્રી આગ્રારોડ સંઘ, શ્રી રાજાવાડી સંઘ, શ્રી સ્વાધ્યાય સંઘ, શ્રી સર્વોદય સંઘ, શ્રી દામોદરપાર્ક સંઘ તેમજ શ્રી પારસધામ સંકુલના પ્રતિનિધિઓએ મુમુક્ષુ શ્રી યશ્વીદીદીનું ભાવભીનું સન્માન કરીને એમની સંયમભાવના પ્રત્યે અહોભાવ પ્રદર્શિત કર્યો હતો.

## મુંબઈ નગરમાં મહાતપસ્વી મહાસતીજીની વાજતે ગાજતે ગૌચરીચર્યા

પરમાત્મા કહે છે, પ્રભુના ધર્મની, પ્રભુના જ્ઞાનની, તપધર્મની જે પ્રભાવના કરે છે, જે પ્રચાર પ્રસાર કરે છે, એને ભવોભવ દેવ, ગુરુ અને ધર્મની પ્રાપ્તિ થતી રહે એવા 'ભદ્ર પુણ્ય કર્મ' નો શુભ બંધ થાય છે.

એવા જ ભદ્ર પુણ્ય કર્મબંધના અધિકારી બની ગયાં મુંબઈના ભક્તિવાન ભાવિકો !

'અમારા એક સાધ્વીરત્નાએ કેવી મહાન તપશ્ચર્યા કરી છે, નિરંતર 1008 દિવસ સુધી મેવા-મીઠાઈ, ઘી-તેલ કે ફળ ફળાદિના ત્યાગ દ્વારા કેવો મહાત્યાગ કર્યો છે ! એમના દર્શન કરીને નયનને ધન્ય કરી લ્યો, એમને વંદન કરીને જીવનને ધન્ય કરી લ્યો' આવી શુભ ભાવનાનો સર્વત્ર પ્રચાર-પ્રસાર અને તપધર્મની પ્રભાવના કરવાના હેતુથી મુંબઈના મુલુંડ, કાંદિવલી અને દહીંસરના ભાવિકોએ મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીના તપની અનોખી અનુમોદના કરી.

પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીની ગૌચરીચર્યા સમયે એમની સાથે સાથે પદવિહાર કરીને ભાવિકોએ થાળી-કટોરી વગાડતાં વગાડતાં જૈન-જૈનત્તર ભાવિકોને, એમની ઉગ્ર તપશ્ચર્યાનો પરિચય આપીને પ્રભુ ધર્મની - તપ ધર્મની, ત્યાગ ધર્મની શ્રેષ્ઠ પ્રભાવના કરી.






ધીમા તપો હે સૂર્યદેવ ! મહાતપસ્વી પધાર્યા ગૌચરીચર્યાએ

**તપસ્યા એ કરી શકે જે પોતાના મન પર control કરી શકે !**

## ઘર ઘર, નગર નગરમાં ગૂંજી સાંજી સ્તવના

તપસ્વીની તપશ્ચર્યામાં સાજેદારી કરવી એટલે કે ભાગીદારી કરવી તે 'સાંજી' હોય. પરમાત્મા કહે છે, તપશ્ચર્યા કરવી, તપશ્ચર્યા કરાવવી અને તપશ્ચર્યાની અનુમોદના કરવી તે ત્રણેનું ફળ એક સમાન હોય.

અખંડ 1008 દિવસની આયંબિલ તપની ઉગ્ર આરાધના કરીને મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજી તો ધન્ય બની ગયા પરંતુ એમના તપની અનુમોદના કરીને, એમના ગૌરવ ગાન કરીને, અનેક ક્ષેત્રોના અનેક ભાવિકો, એમની તપશ્ચર્યાના લાભમાં પોતાની પણ સાજેદારી નોંધાવીને ધન્ય બની ગયાં.

મુંબઈ, રાજકોટ, સમગ્ર સૌરાષ્ટ્ર, પૂર્વ ભારત અને દક્ષિણ ભારતના અનેક અનેક ઘરોમાં તો સાંજી કરીને હજારો ભાવિકોએ તપસ્વી આત્માની અનુમોદના કરી પરંતુ અમેરિકા, દુબઈ, સુદાન આદી વિદેશના અનેક ક્ષેત્રોમાં પણ અનેક ઘરોમાં સાંજીના સૂરો રેલાયા.

ઘર ઘર સાંજીની સાથે સમગ્ર મુલુંડના સ્થાનકવાસી જૈન સંઘોના મહિલા મંડળો, દહીંસર સંઘ, પાવનધામ સંકુલ, કોલકાતાના સંઘો, વસઈ સંઘમાં, આદિ અનેક સંઘો, ક્ષેત્રોમાં પણ સાંજીના મધુર સૂરો દ્વારા મહાતપસ્વી મહાસતીજીની અહોભાવભીની અનુમોદના કરવામાં આવી.







**ઘરે ઘરે...**
**નગરે નગરે...**
**સંઘે સંઘે...**
**અનુમોદના થઈ**
**સાંજી સ્તવનાની સંગે !**

# પારસધામના આંગણે
# મહાતપસ્વી મહાસતીજીના 999[TH] આયંબિલ તપની થઈ અજોડ અનુમોદના

**તપસ્વીને ઘણી ખમ્મા:** દિવ્યલોકના દેવોની વેશભૂષામાં સજ્જ થઈને Look N Learnના બાળકો તેમજ દીદીઓએ પૂજ્ય તપસ્વી મહાસતીજીને ચામર વીંઝીને, અષ્ટમંગલના પ્રતિક સાથે ભક્તિભાવથી વધાવ્યાં હતાં.

**અવસરના સાક્ષીદાર:** વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વિરમતીબાઈ મહાસતીજી આદિ ઠાણા, પૂજ્ય શ્રી ઊર્મિ - ઊર્મિલાબાઈ મહાસતીજી આદિ ઠાણા, ડૉ. પૂજ્ય શ્રી ડોલરબાઈ મહાસતીજી આદિ સાધ્વીવૃંદની સાથે મુંબઈના અનેક સંઘોના મહિલા મંડળો તેમજ બહોળી સંખ્યામાં ભાવિકો આ અવસરના ધન્ય સાક્ષીદાર બન્યા હતાં.

**શૌર્ય પ્રશસ્તિ:** મહાતપસ્વી મહાસતીજીના અદભૂત શૌર્યની પ્રશસ્તિ કરતાં પરમ ગુરુદેવે ફરમાવ્યું હતું કે, ઉત્કૃષ્ટ ભાવે જે તપસ્વી આત્માની અનુમોદના કરે છે, તે અવશ્યમેવ ભાવિના ભગવાન બનવાની lineમાં આવી જાય છે. સાધના સિદ્ધ ત્યારે જ થઈ શકે, જો અંતરનો સંકલ્પ દ્રઢ હોય. હું પણ તપ સાધના કરી શકીશ, હું પણ ભગવાન બનીશ એવા વિચાર, એવી કલ્પના જે કરે છે, તે ભાવિમાં સિદ્ધિને પામી શકે છે. સાધના ચાહે કોઈપણ હોય, પણ જે સાધના સાથે સમાધિભાવ ભળેલો હોય તે સાધના સાર્થક બને છે.

**Talk Show :** 999 દિવસની સુદીર્ઘ અને ઉગ્ર તપશ્ચર્યા કઈ રીતે શક્ય બની ? કેવી રીતે શક્ય બની ? આવા અનેક પ્રકારના જિજ્ઞાસુઓના મનમાં ઉઠતા પ્રશ્નો અને મહાતપસ્વી મહાસતીજીના શ્રીમુખેથી ઉદ્‌ઘાટિત થયેલાં રહસ્યો સ્વરૂપ યોજાયેલો Talk Show, સૌને ગુરુની અદ્રશ્ય કૃપા અને મનની અડગતાની પાવન પ્રેરણા આપી ગયો હતો.

**પ્રદક્ષિણા વંદના:** ગાયક કલાકાર શ્રી અસ્મિતાબેન શાહના મધુર કંઠે વહેતાં સૂરોની સાથે ભાવિકોએ અત્યંત ઉલ્લાસ, આનંદ અને ભક્તિભાવે નૃત્ય કિર્તના કરીને, મહાતપસ્વી મહાસતીજી પ્રત્યે પ્રદક્ષિણા વંદના અર્પણ કરતા હૃદયસ્પર્શી દશ્યો સર્જાયા હતાં.



મહાતપસ્વીના દિવ્ય વધામણાં પારસધામમાં

**9999 Global આયંબિલ:** મહાતપસ્વી મહાસતીજીના 999 આયંબિલની અનુમોદના તપશ્ચર્યાથી કરવાની પરમ ગુરુદેવની પ્રેરણાએ એક દિવસમાં એકસાથે ઘાટકોપરમાં 1300થી વધારે, મહારાષ્ટ્ર, કોલકાતા, ચેન્નઈ અને વિદેશના આદિ અનેક ક્ષેત્રોના ભાવિકોએ એક સાથે મળીને 9999થી વધુ આયંબિલ કરીને તપસ્વીની તપશ્ચર્યામાં તપશ્ચર્યાનો સૂર પૂરાવ્યો હતો.



યોગી એક વિચરતા

**મારો અભિગ્રહ:** મહાતપસ્વીનો અભિગ્રહ પૂર્ણ થતાં, 'અહો દાનમ્'નો ગૂંજ્યો નાદ ! જેમના તપની પ્રેરણાએ, મારી તપશ્ચર્યા સર્જાઈ એવા ઉપકારી તપસમ્રાટ ગુરુદેવનો photo જે ઘરમાં હશે, તે ઘરની ગૌચરી જ આજે મારે ખપે' આવા અંતરના અભિગ્રહ સાથે 999th આયંબિલના દિવસે ઘરે ઘરે ગૌચરી માટે નીકળેલાં મહાતપસ્વી મહાસતીજીનો અભિગ્રહ ઘાટકોપરના kailash tower apartmentમાં શ્રી પારૂલબેન પરિમલભાઈ શાહ પરિવારના આવાસમાં પૂર્ણ થતાં જ 'અહો દાનમ્ અહો દાનમનો નાદ ગૂંજી ઉઠ્યો હતો. ઘાટકોપર માટે કદી ન વિસરાય એવા પુણ્યનો યોગ સર્જી ગયો હતો આ અવસર !



આવો પધારો મહાતપસ્વી પધારો

અખંડ 1000

# 'સહસ્ત્ર' વંદન એ પાવનધામની ભૂમિને, જ્યાં મહાતપસ્વીના 'સહસ્ત્ર' આયંબિલ તપના થયાં સન્માન

**મંગલ વધામણા:** મહાતપસ્વી મહાસતીજીના પાવનધામમાં આગમનને વધાવતાં AYSG Gen Nextના યુવાનોએ સુંદર લેઝિમ નૃત્ય-ગીતની પ્રસ્તુતિ સાથે અંતરના આનંદને પ્રગટ કર્યો હતો તો બીજી તરફ LNLના દીદીઓએ લહેરાતા ધ્વજ સાથે, LNLના બાળકોએ અહોભાવભીની વંદના કરીને અને સેંકડો ભાવિકોએ મહાતપસ્વી મહાસતીજી પ્રત્યે ભક્તિભાવ દર્શાવ્યો હતો.

**મુજ પર વરસી એવી કૃપા:** બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોને પોતાની સુદીર્ઘ તપશ્ચર્યાની સિદ્ધિનું રહસ્ય બતાવતાં મહાતપસ્વી મહાસતીજીએ દેવ-ગુરુની કૃપાને શ્રેય આપ્યું હતું અને સમજાવ્યું હતું કે, દેવ-ગુરુ કૃપાથી વિચારેલા દરેક કાર્ય શક્ય બની શકે છે..!

**મુક્ત ગગનના વિહારી:** મહાતપસ્વી મહાસતીજીના 1000 આયંબિલ તપની અનુમોદના અનોખી રીતે કરતાં AYSG Gen. Nextના યુવાનો દ્વારા 1000 પક્ષીઓને પિંજરમુક્ત કરીને જીવદયા કરવામાં આવી હતી.

**સોહમની ગૂંજ:** પાવનધામ સોહમ મહિલા મંડળના બહેનો દ્વારા સાંજી સ્તવના સાથે આ અવસર પાવનધામમાં પાવનતા પ્રસરાવી ગયો.

**જીભનો સ્વાદ, મારા કરુણા ગુણની કતલ કરે છે**




**જય જયકારા જય જયકારા... મહાતપસ્વીને વંદન હજારા**



# મહાતપસ્વીને પારણા કરાવવા મંગલ કળશમાં સાકર અર્પણ કરીને
## ...ધન્ય બન્યાં દેશ-વિદેશના ભાવિકો...

સંયમી આત્માને સંયમ સાધનામાં partnership નોંધાવવી, તે 'સુપાત્રદાન' હોય. સાધુની સંયમ સાધનામાં સહાયક બનવું, તે સુપાત્રદાન હોય. આજ સુધી જેટલાં પણ તીર્થંકર પરમાત્મા થઈ ગયાં, તેના ભૂતકાળ પર જો દૃષ્ટિ કરીએ તો જાણીએ કે, મોટાભાગના તીર્થંકરોએ ભૂતકાળમાં ઉત્કૃષ્ટ ભાવો સાથે સુપાત્રદાન કરીને પોતાના પરમાત્મા બનવાના બીજ વાવી દીધાં હતા. સુપાત્રદાન, તે ભાવિના ભગવાન બનવાનું વરદાન બને છે.

અને, એવા જ વરદાનના બીજ વાવ્યાં દેશ-વિદેશના હજારો ભાવિકોએ જ્યારે...

### ઘર ઘર પધાર્યા મંગલ કળશ:

અખંડ 1008 દિવસના આયંબિલ તપ આરાધિકા મહાતપસ્વી મહાસતીજીને પારણા કરાવવાનો લાભ માત્ર એક કે બે વ્યક્તિને નહીં પરંતુ અનેક ભાવિકોને પણ મળી શકે એવી રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની મંગલભાવના સાથે ઘર ઘર પધાર્યા મહાતપોત્સવ મંગલ કળશ !

### મિષ્ટીનું દાન... સુપાત્રદાન:

મહાતપસ્વી મહાસતીજીને 1008 દિવસ બાદ સાકર જળથી પારણું કરાવવા માટે છેલ્લાં કેટલાય દિવસોથી ઘર-ઘર પધારી રહેલાં મંગલ કળશમાં કોઈક ખડી સાકરનું સુપાત્રદાન કરીને, કોઈક કણી સાકરનું સુપાત્રદાન કરીને, તો કોઈ ખાંડનું સુપાત્રદાન કરીને સાથે સાથે પોતાના અંતરની મીઠી મીઠી અનુમોદના અને અહોભાવ અર્પણ કરીને ધન્ય બન્યાં હતાં ભાવિકો !

### ધન્ય તે ભાવિકો:

મંગલ કળશરૂપી સુપાત્રદાનના આ મહાઆયોજનનો પ્રારંભ થયો, મહારાષ્ટ્રના Deputy Chief Minister માનનીય શ્રી દેવેન્દ્રજી ફડણવીસના નિવાસ સ્થાનથી ! જ્યાં ઘાટકોપરના M.L.A. શ્રી પરાગભાઈ શાહ મંગલ કળશ લઈને પધાર્યા હતાં, મહાતપસ્વી મહાસતીજી પ્રત્યેની અંતરની અહોભાવના સાથે શ્રી દેવેન્દ્રજી ફડણવીસે સાકર અર્પણ કરીને મંગલ શુભારંભ કર્યો. એ સાથે જ, Union minister for Minority Affairs માનનીય શ્રી સ્મૃતિજી ઇરાનીએ, મહારાષ્ટ્રના Minister of Consumer Affairs, Food & Public Distribution માનનીય શ્રી પીયુષભાઈ ગોયલ, શ્રી વિનોદભાઈ શેલાર, Member of








Maharashtra Legislative Assembly માનનીય શ્રી મિહિરભાઈ કોટેચા, Member of Maharashtra Legislative Assembly માનનીય શ્રી પરાગભાઈ શાહ, ધારાસભ્ય માનનીય શ્રી દર્શિતાબેન શાહ, શ્રી પરિમલભાઈ નથવાણી, શ્રી ભવ્યભાઈ ગાંધી, શ્રી જયભાઈ સોની, પદ્મશ્રી કૈલાશજી ખેર, શ્રી પાર્થિવભાઈ ગોહિલ, શ્રી ગીતાબેન રબારી, શ્રી જૈનમભાઈ વારિયા આદિ અનેકાનેક અગ્રણી મહાનુભાવો, ખ્યાતનામ વ્યક્તિત્વ, ગાયક કલાકારો, High courtના judgesએ મંગલ કળશમાં સાકર અર્પણ કરીને અનુમોદના કરી હતી.

સમગ્ર ભારતમાંથી અમદાવાદ, વડોદરા, સુરત, વાપી, વલસાડ, કચ્છ-ભુજ, પુનડી, માંડવી, જામનગર, જુનાગઢ, વેરાવળ, ગોંડલ, જેતપુર, ભાવનગર, પોરબંદર, ચેન્નઈ, બેંગ્લોર, હૈદરાબાદ, ઝરિયા, ધનબાદ, રાઉરકેલા, રાયપુર, છત્તીસગઢ, ટાટા નગર, કોલકાતા, દિલ્હી, સાકચી, પુસરો, ખતરગઢ, રાજકોટ, સમગ્ર મુંબઈ અને મહારાષ્ટ્રના અનેક અનેક ક્ષેત્રોની સાથે વિદેશમાં અમેરિકા, દુબઈ, શારજાહ, સિંગાપોર, મલેશિયા, લંડન, નાઈરોબી, લેસ્ટર આદિ અનેક ક્ષેત્રોના હજારો ભાવિકો સાકર અર્પણ કરી ધન્ય બન્યાં હતાં.

### અમને પણ કરવી અનુમોદના:

ત્યાગ માત્ર જૈનો માટે જ વંદનીય નથી હોતો પરંતુ દરેક જ્ઞાતિ કે દરેક ધર્મના લોકો માટે વંદનીય હતો, છે અને હંમેશા રહેવાનો છે. મહાતપસ્વી મહાસતીજીની ત્યાગ ભાવના પ્રત્યે વંદનીયભાવો સ્થાનકવાસી જૈન ભાવિકોએ તો સાકર અર્પણ કરીને અનુમોદના કરી પરંતુ તે સાથે જ જૈનોના ચારેય ફિરકાના ભાવિકો સાથે વૈષ્ણવ, બ્રાહ્મણ, લોહાણા, પટેલ, ક્ષત્રિય, રબારી આદિ અનેક જ્ઞાતિના ભાવિકોએ પણ સાકર અર્પણ કરીને અનુમોદના કરી.

### એકની તપશ્ચર્યા લાખોની અનુમોદના:

સમગ્ર ભારત તેમજ વિદેશના મળીને 120થી પણ વધુ મંગલ કળશ ઘર ઘર પધાર્યા હતા. જેમાં તપ ધર્મ અને તપસ્વી આત્મા પ્રત્યે ભક્તિભાવે, અહોભાવે બે લાખથી પણ વધુ ભાવિકોએ સાકર અર્પણ કરી હતી.

### તૃષાતુર ભાવિકોની થઈ તૃષા તૃપ્તિ:

મંગલ કળશમાં લાખો ભાવિકો દ્વારા અર્પણ કરવામાં આવેલી સાકરના જળથી મહાતપસ્વી મહાસતીજીના પારણા કરાવવામાં આવ્યાં હતાં. અને વિપુલ પ્રમાણમાં અર્પણ થયેલી સાકરના જળથી ઠંડુ ઠંડુ શરબત બનાવીને તે શરબત જરૂરિયાતમંદ ગરીબ એવા હજારો ભાવિકોને અર્પણ કરીને એમની તૃષા તૃપ્તિ કરવામાં આવી હતી. પોતાના દ્વારા અર્પણ કરવામાં આવેલી સાકરના જળથી 1008 દિવસના મહાતપસ્વી મહાસતીજીના પારણા સાથે ગરીબોની સેવાનો લાભ મળતાં લાખો ભાવિકો અંતર આનંદ અને આત્મસંતોષની અનુભૂતિ સાથે, પરમ ગુરુદેવની કરુણા ભાવનાને વંદી રહ્યાં !



**રાજનેતાઓ, અગ્રણી મહાનુભાવો, શ્રેષ્ઠીવર્યો અને પ્રસિદ્ધ કલાકારો એ તપોત્સવ કળશમાં સાકર અર્પણ કરી, અનુમોદના કરી**





# • તપોત્સવ સાકર કળશ પધાર્યાં •

દેશ-વિદેશના 130થી
વધુ ક્ષેત્રોમાં

## 34,500 ઘરોમાં

દરેક ધર્મના, દરેક જ્ઞાતિના,
દરેક વ્યવસાયના

**2,00,000** જેટલાં
ભાવિકોએ કરી સાકર અર્પણ






Way Out

અખંડ

# 1008

## આયંબિલ તપ પારણા અવસર

ઇતિહાસમાં અંકિત થશે

જંબુદ્વિપે, ભરતક્ષેત્રે, મહારાષ્ટ્ર પ્રદેશે, મુંબઇ નગરે

## મહાતપોત્સવ – દીક્ષા મહોત્સવ

અવસર અનેરા

# મંગલ પ્રારંભ



સૌજન્ય: શ્રી ગુરુભક્ત, કોલકાતા

प्रथम
दिवस

24th
April 2024

# વસ્તુઓનો ત્યાગ માત્ર નહીં પણ લાગણીનો પરિત્યાગ તે સંયમ માર્ગ!

ધન્ય થયાં હતાં એ હજારો નયન, મહાતપસ્વી અને મુમુક્ષુ આત્માના દર્શન કરીને અને ઋતંભરા વિશ્વ વિદ્યાલયના એ અણુ અણુ જ્યાં, પરમ ગુરુદેવના બ્રહ્મનાદે પ્રગટ્યો હતો, શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો દિવ્ય ગુંજારવ !

## પરમનું પ્રથમ બોધ માંગલ્ય:

કોઈના કહેવા માત્રથી નહીં પરંતુ હૈયાના, અંતરના અવાજ સાથે થતી હોય છે તપશ્ચર્યા અને લેવાતી હોય છે દીક્ષા! દીક્ષા તે માત્ર વસ્તુઓનો ત્યાગ નથી પરંતુ મોહ, લાગણી અને સંવેદનાનો પરિત્યાગ તે દીક્ષાનું જીવન હોય છે. જે દિવસે દિલમાં લાગણીઓ પર વિજય પમાય છે, તે દિવસે ભાલ પર સંયમનો વિજય તિલક લાગતો હોય છે. જે મોહ છોડી શકે તે પ્રભુના માર્ગ પર આવી શકે છે.

## પિંજર પ્રયોગ

સંસાર એક 'jail ' અને સાર વગરનો આ સંસાર 'અસાર !' આવી સંસારની વાસ્તવિકતાની અનુભૂતિ કરાવતો પિંજરનો અદ્‌ભૂત પ્રયોગ, સહુને સત્યની પ્રતીતિ કરાવી ગયો.

## શુભ શુકનના વધામણા

પરમ ગુરુદેવના શ્રીમુખેથી દિવ્ય મંત્રોચ્ચાર સાથે લીલા વસ્ત્ર પર કંકુ વર્ણ અને સ્વસ્તિકની મંગલ આકૃતિને અંકિત કરતી સ્વસ્તિક વિધિના માંગલ્ય સાથે દીક્ષા મહોત્સવના શુકનવંતા વધામણા કરવામાં આવ્યાં.

## Non stop સાંજી સ્તવના

મુંબઈના 50થી વધુ મહિલા મંડળોની ઉપસ્થિતિમાં સાંજી સ્તવનાના રેલાતાં મધુર સૂરો સાથે તપ-સંયમની ભાવભીની અનુમોદના કરવામાં આવી .



સ્વસ્તિકની આકૃતિનું માંગલ્ય, સંયમ શુકનનું માંગલ્ય



આ પીંજરના બંધન છોડાવો મારા પ્રભુ




વાગ્યો રે ઢોલ વાગ્યો રે ઢોલ, મારા તપસ્વીની ભક્તિમાં વાગ્યો રે ઢોલ

દ્વિતીય દિવસ

25th April 2024

# તપસ્વીના ચહેરા પર કદી તપશ્ચર્યાનો ભાર ન હોય, તપશ્ચર્યાને પ્રભાવ હોય!

એ ક્ષણ નજીકને નજીક આવી રહી હતી, જેની દેશ - વિદેશના લાખો ભાવિકો રાહ જોઈ રહ્યાં હતાં, વંદનીય એ ક્ષણ, અભિવંદનીય એ ક્ષણ, 1008 આયંબિલ તપની સંકલ્પ સિદ્ધિની એ ક્ષણ, જેને નિહાળવા માટે ઋતંભરા વિશ્વ વિદ્યાલયમાં પધાર્યા હતાં હજારો નયન !

## પધારો પધારો

Musical instrumentsની અનોખી વેશભૂષામાં સજ્જ થઈને બાળકોએ કર્યા દીક્ષાર્થી આત્માના વધામણા તેમજ મુલુંડ LNLના દીદીઓ અને યુવાનોએ કર્યા હતાં મહાતપસ્વીના આગમન વધામણા !

## પરમ વાણીનું માંગલ્ય

તપસ્વીને પોતાની તપશ્ચર્યા, કર્મ રોગને ક્ષય કરવાની ઔષધ લાગતી હોય ! દરેક સાધના પછી સાધનામાં one step up થાય તે સાધક હોય. અનંતકાળથી આપણી સાથે ભોજન અને સ્વાદની વૃત્તિ જોડાયેલી છે, ત્યારે 1008 દિવસ સુધી સ્વાદ પર વિજય પામી લેનારા મહાતપસ્વીની થાય એટલી અનુમોદના કરી લઈએ.

## પૂજ્ય શ્રી કમલકુમારજી મહારાજ સાહેબ

આ અવસરે વિશેષ ભાવો સાથે ઉપસ્થિત રહેલાં તેરાપંથ સંપ્રદાયના પૂજ્ય શ્રી કમલકુમારજી મહારાજ સાહેબ આદિ સંતો એ મહાતપસ્વીની સુદીર્ઘ સાધના પ્રત્યે ભાવભીની અનુમોદનાના ભાવ પ્રગટ કર્યા હતાં.

## એક પ્રયોગ

જીવતાં pigને આગમાં શેકીને એનો આહાર કરવાના સંવેદનશીલ practical પ્રયોગ દ્વારા, પોતાના સુખ માટે અન્ય જીવને વેદના ન આપવાનો આપવામાં આવેલો બોધ સહુના અંતરનયન પર સત્ય અને કરુણાનો પ્રકાશ પાડી ગયો હતો.

## ભાવ આલોચના

અનંતકાળની આહારસંજ્ઞા અને સ્વાદવૃત્તિને પોષવા માટે જન્મ જન્મમાં આત્માએ સેવેલાં પાપ-દોષ અને નિર્દોષ જીવોની કરેલી હિંસાના દોષોની પરમ ગુરુદેવની ભાવવાહી શૈલીમાં ભવ આલોચના કરાવવામાં આવતાં, સહુએ ભાવથી આલોચના કરીને, દોષ વિશુદ્ધિ કરી હતી.

## ધન્ય ઘડી તે ધન્ય ક્ષણ

દેશ-વિદેશના લાખો ભાવિકોને અંજલિબદ્ધ, નત્ મસ્તક, વંદિત- અભિવંદિત અને અહોભાવિત કરી દેનારી એ ધન્યાતિધન્ય ક્ષણ સર્જાઈ હતી જ્યારે, પરમ ગુરુદેવના બ્રહ્મનાદે મહાતપસ્વી મહાસતીજીને 1008 આયંબિલ તપના પ્રત્યાખ્યાન અર્પણ કરવામાં આવ્યાં હતાં અને એ સાથે જ સર્વત્ર ગૂંજી ઉઠ્યો હતો 1008 વખત મહાતપસ્વીનો જય જયકારનો નાદ !

## ધન્ય તે દૃશ્ય

તપધર્મના ગૌરવને, જિનશાસનની ગરિમાને ઉજાગર કરતું એક અદ્‌ભૂત દૃશ્ય સર્જાયું હતું જ્યારે 45થી વધુ સાધ્વીવૃંદ દ્વારા મહાતપસ્વી પ્રત્યે અહોભાવભીની પ્રદક્ષિણા વંદના અર્પણ કરવામાં આવી હતી.

## Kids સાંજી

મહાતપસ્વી એવમ દીક્ષાર્થીની અનુમોદના કરીને અમે પણ અમારા આત્મકલ્યાણનું reservation કરાવશું એવા ભાવ સાથે LNLના બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલી સુંદર સાંજી સ્તવના એ સહુના હૃદયમાં હર્ષ હર્ષ પ્રસરાવી દીધો હતો.

## પાવન પ્રતિજ્ઞા

મહાતપસ્વીની સુદીર્ઘ તપશ્ચર્યાની અનુમોદના કરવા પરમ ગુરુદેવ દ્વારા આપવામાં આવેલી રાત્રિભોજન ત્યાગની પ્રેરણાથી ભાવિકોએ મહિનામાં 8 દિવસ રાત્રિભોજન ત્યાગના પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યા.

## Soulful symphony

રાત્રિના સમયે ગાયક કલાકાર શ્રી હર્ષિતભાઈ શાહ, શ્રી દેવાંશભાઈ દોશી (C.A.) અને શ્રી પાર્થભાઈ દોશીના મધુર કંઠે વહેલી ભક્તિ સ્તવના એ સહુને અનુમોદનામાં તરબોળ કર્યા હતાં.



હે આત્મન્ ! સંબુજ્જહ કિં ના બુજ્જહ?



શુભેચ્છા આપી રહ્યાં તેરાપંથ સંપ્રદાયના પૂ. શ્રી કમલમુનિજી મ.સા.



વ્હાલા દીક્ષાર્થી માટે બાળકોએ કર્યું વ્હાલુ વ્હાલુ welcome



રંગ જમાવ્યો બાળકોની musical concert સાંજી સ્તવનાએ



વેદનાનો ચિતાર આપતો હૃદયદ્રાવક પ્રયોગ



'કડવું ગુલાબજાંબુ !'-શ્રી શૈલેષભાઈ દેસાઈ



શ્રી હર્ષિતભાઈ શાહ



CA શ્રી દેવાંશભાઈ દોશી



શ્રી પાર્થભાઈ દોશી



ઈતિહાસના albumમાં સમાઈ 1008th આયંબિલ પ્રત્યાખ્યાનની અહો ધન્ય ક્ષણ



મહાતપસ્વીને અર્પણ સાધ્વીવૃંદની પ્રદક્ષિણા વંદના

## આરાધના અને પ્રેરણાનો જ્યારે સંગમ થાય, ત્યારે
# જિનશાસનની જ્યોત હજારો હૃદયમાં પ્રજવલિત થાય

ફરીને, ૠતંભરા વિશ્વ વિદ્યાલયમાં હજારો આંખો મુખ્ય દ્વાર તરફ મંડાઇ રહી હતી. ફરીને હજારો હૃદયના ધબકારે ધબકારે અનુમોદના કરવાનો થનગનાટ વર્તી રહ્યો હતો અને મુખ્ય દ્વાર તરફ મંડાયેલી એ આંખોને પાવન કરતાં, પધારી ગયાં પરમ ગુરુદેવ અને પછી...

આગમન થયું એ તપસ્વી અણગારનું, એ ભાવિના અણગારનું !

જૈન શાસ્ત્રોના પાને અંકિત થયેલાં ઐતિહાસિક પાત્રોની અમર બની ગયેલી ઘટનાઓની સ્મૃતિને જીવંત કરીને તપસ્વી આત્મા અને વૈરાગી આત્માના થયા ભાવભીના સ્વાગત સન્માન !

### ગુરુ વચન માંગલ્ય

એકને એક દિવસ જવાનું નિશ્ચિત હોવા છતાં આ જગતના લોકો નિશ્ચિંત બનીને આ પાપમય સંસારમાં જીવી રહ્યા છે. આજે નહીં તો કાલે સહુની રાહ જોઈને બેઠી છે, નનામી, ત્યારે સંસારની-રાગની-મોહની સ્મશાનયાત્રા કાઢીને નીકળી રહ્યા છે દીક્ષાર્થી.

**જીવતાં મોહનું મૃત્યુ કરવું તે હોય છે મુનિપણું, તે હોય છે દીક્ષા !**

### મહાસતીજી વૃંદની અનુમોદના

ડૉ. પૂજ્ય શ્રી જશુબાઈ મહાસતીજી, વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી અને પૂજ્ય શ્રી ઉર્મિલાબાઈ મહાસતીજી એ મહાતપસ્વી મહાસતીજી તેમજ મુમુક્ષુ આત્માના ત્યાગની પ્રશસ્તિ કરીને એમની ભાવભીની અનુમોદના કરી હતી.

### એક પ્રયોગ... જાણે ચિંતનયોગ

જીવતે જીવ નનામીમાં બંધાઈને કરાવવામાં આવેલી સ્મશાનયાત્રાનો પ્રયોગ ઉપસ્થિત સહુને મૃત્યુની વાસ્તવિકતા સમજાવીને, 'મારી આવતી કાલ શું ?, મારો આવતો ભવ ક્યાં ?' એ ઊંડા ચિંતનમાં ગરકાવ કરી ગયો હતો.

### શ્રમણી વંદનાવલી

જાણીતા કલાકાર શ્રી ઉત્તમભાઈ છેડાની હૃદયસ્પર્શી શૈલીમાં ગૌરવવંતા મહાસતીજીઓ-શ્રમણીજીઓની ગૌરવ ગાથા સાથે અર્પણ કરવામાં આવેલી અહોભાવભીની શ્રમણી વંદનાવલી, ઉપસ્થિત સહુ માટે પાવન પ્રેરણાનું એક સ્તોત્ર બની રહી.

### રજોહરણ છે, મારું શરણ

પરમ ગુરુદેવના પાવન હસ્તે બે દિવસ બાદ દીક્ષાર્થીને અર્પણ થનારા રજોહરણને ડુંગર દરબારના એક ખૂણામાં છુપાવ્યા બાદ અત્યંત તત્પરતાથી દીક્ષાર્થી યશ્વીદીદીએ કરેલી રજોહરણની શોધ અને રજોહરણ મળી ગયાં પછી ભક્તિભાવથી કરેલાં રજોહરણ નૃત્યના દ્રશ્યોએ એમના જનમ-જનમના સંયમ પ્રેમનો પરિચય આપી દીધો.

### કેસર છાંટણા

દીક્ષાર્થીના ઉપકરણોથી સજાવેલી છાબના ડુંગર દરબારના શમિયાણામાં અહોભાવથી થયેલાં વધામણા બાદ લાભાર્થી શ્રી મીનાબેન શૈલેષભાઈ દેસાઈ અને શ્રી ઉષાબેન નિલેશભાઈ મોદી પરિવાર દ્વારા અહોભાવથી ઉપકરણો પર કેસર છાંટણા કરીને શુભ ભાવના ભાવવામાં આવી હતી.

### વંદનીય એ ક્ષણ:

અખંડ 1008 આયંબિલ તપની અજોડ સંકલ્પ સિદ્ધિ બાદ 1009th દિવસે પરમ ગુરુદેવના શ્રીમુખેથી પ્રથમ ઉપવાસના પ્રત્યાખ્યાન ગ્રહણની એ વંદનીય ક્ષણને અહો વંદના !

### દિવ્યદાન... વરસીદાન

તીર્થંકર પ્રભુની પરંપરાને અનુસરીને દીક્ષાર્થી દ્વારા વરસીદાન થનારા પદાર્થોના શ્રી ગિરીશભાઈ દેસાઈ પરિવાર દ્વારા વધામણા કરવામાં આવ્યાં હતાં.

ચડતાં ગુણસ્થાનના શુભ ભાવોમાં રમણ કરતાં દીક્ષાર્થી શ્રી યશ્વીદીદીના શુભ હસ્તે વરસીદાન ગ્રહણ કરીને કૃતકૃતાર્થ બની ગયાં ભાવિકો !



શ્રી ઉત્તમભાઈ છેડા



શ્રી નીરવભાઈ શાહ



એક તરફ મહાત્યાગી, એક તરફ મહાતપસ્વી



જૈન દર્શનના ઐતિહાસિક પાત્રોની ઘટનાઓને જીવંત કરીને થયાં ત્યાગી આત્માઓના આગમન વધામણા




વારા પછી વારો, આજ મારો કાલ તારો, નનામીનો જીવંત પ્રયોગ



પૂ. શ્રી વીરમતીબાઈ મ, પૂ. શ્રી જશુબાઈ મ., પૂ. શ્રી ઊર્મિલાબાઈ મ.



જય હો, જય હો, જય જય હો !



અવસરના એક એક દશ્યો પર અપલક બન્યાં હજારો નયન



આજ બની હું સદ્ભાગી, કરું ભાવથી ઉપકરણ વંદનાવલી



ઉપકરણ તારણહારા, કેસર છાંટણે કરીએ વધામણા



દિવ્યતાના વધામણા, ઉપકરણ છાબના વધામણા




રજોહરણના ભાવમાં રાચી રહ્યાં દીક્ષાર્થી



અવસરનો સાક્ષી બની ધન્ય બન્યો, આ માનવ દરિયો



સવાલ જિજ્ઞાસુઓના, જવાબ દીક્ષાર્થી માતા-પિતાના



ગાયક કલાકાર શ્રી નિકિતા વાઘેલા

# માતા-પિતાએ માત્ર માતા-પિતા નથી બનવાનું, સંતાનના સંસ્કારોના શિલ્પકાર બનવાનું છે

એ થનગનાટ... એ તરવરાટ... અવસરની ધન્યતાને અનુભવવા માટેનો એ તલસાટ... તરવરી રહ્યો હતો હજારોના મુખ પર ! અને હળવે હળવે એ ધન્યતાના અવસર પધારી પણ ગયાં...

## પ્રસરાયા ત્યાગીઓના તેજ

કોલકાતાના ભાવિકોના ભક્તિભીના નૃત્ય કીર્તન સાથે કરવામાં આવ્યાં મહાત્યાગી - મહાતપસ્વી મહાસતીજીના સ્વાગત સન્માન તો બીજી તરફ સજાવેલી ડોલીમાં બિરાજમાન થઈને પધારેલા મુમુક્ષુના પારસધામ Gen nextના યુવાનોએ કર્યા સ્વાગત વધામણા.

## પરમ વચન માંગલ્ય

માતા-પિતાએ સંતાનના સુખદાતા ન બનતાં, સંસ્કારદાતા બનવું જોઈએ. સુખદાતા અંતે પોતાના સંતાનના આત્માનું અહિત કરનારા દુ:ખદાતા બની જતાં હોય છે. પણ સંસ્કારદાતા માતા-પિતા અંતે એના આત્મહિત અને સુખનું કારણ બની જાય છે.

## Because of you

બાળકોને mobile નામનું રમકડું આપીને પોતાની દુનિયામાં રચ્યા-પચ્યા રહેતાં આજના સમાજના modern માતા-પિતા સામે red signal આપતું હૃદયસ્પર્શી દશ્યાંકન "Because of you"ની પ્રસ્તુતિ એ સહુને વાસ્તવિકતાનું ભાન કરાવી દીધું.

## હિતકારી પ્રતિજ્ઞાઃ

Machine gun કે pistol જેવા હિંસક રમકડાં બાળ માનસ પર કેવી હિંસક વૃત્તિનું સંસ્કરણ કરે છે, એની ગંભીરતા દર્શાવીને પરમ ગુરુદેવે બાળકને કદી હિંસક રમકડાં ન લઈ આપવાની પ્રેરણા કરતાં ઉપસ્થિત અનેક માતા-પિતા એ પરમ ગુરુદેવના શ્રીમુખેથી પ્રતિજ્ઞા ગ્રહણ કરી હતી.

## નિરાલી રીત - નિરાલી પ્રભુપ્રીત મુમુક્ષુ શ્રી યશ્રીદીદીની

મધુર સ્વરે ગીત ગુંજન કરતાં કરતાં canvas પર સુંદર drawing અને painting કરતાં કરતાં મુમુક્ષુ શ્રી યશ્રીદીદીએ નિરાલા અંદાજમાં કરેલી પોતાના અંતરના સંયમ ભાવોની અભિવ્યક્તિ માતા-પિતા, દાદા-દાદી, ધર્મ માતા-પિતા, માસા-માસી, મામા-મામી, ફુઆ-ફૈબા અને પરમ ગુરુદેવ પ્રત્યેના અસીમ ઉપકારોની અભિવ્યક્તિને નિહાળીને ઉપસ્થિત સૌના હૃદય ધન્ય ધન્ય પોકારી ઉઠ્યાં હતા.

## સન્માનનો મધુર રણકાર

શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના પ્રતિનિધિઓ તેમજ મહિલા મંડળના બહેનોએ અંતરના ઉછળતાં ઉલ્લાસ ઉમંગ સાથે, લહેરાતા ધ્વજ, પુષ્પ માળા અને ઘંટડીઓના મધુર રણકાર સાથે દીક્ષાર્થીના બહુમૂલ્ય સન્માન કર્યા હતા. મહાતપસ્વી મહાસતીજીને શાલ અર્પણ કરીને અહોભાવથી સન્માનિત કર્યા હતાં.

## સંતોએ કર્યા મહાસતીજીના સન્માન

શ્રી લોકેશમુનિ મહારાજ તેમજ બૌદ્ધ સંત શ્રી ભંતે દીપાંકર સુમેધોજીએ અહોભાવથી મહાતપસ્વીને શાલ અર્પણ કરીને એમની તપ સાધનાનું સન્માન કર્યું હતું.

## આજ કરવા દો મુજને આ ચરણની પૂજા

સંસ્કારદાતા ઉપકારી દાદા અને ઉપકારી માતા-પિતાના ચરણનું કેસર જળથી પ્રક્ષાલન કરીને અહોભાવથી એમનું ચરણ પૂજન કરતા દીક્ષાર્થી શ્રી યશ્રીદીદી અને તેમના પર વહાલની વર્ષા વરસાવતા માતા-પિતા-દાદાના એ સંવેદનશીલ દશ્યોને નિહાળી અનેકોની આંખો આંસુઓથી ભીંજાઈ ગઈ.

## સંતોની શબ્દ અનુમોદના

શ્રી બૌદ્ધ સંતે આ અવસરે જૈન સમાજના ઇતિહાસનું સંસ્મરણ કરીને મહાતપસ્વી આત્મા

તેમજ દીક્ષાર્થી આત્માના ત્યાગની સુંદર ભાવો સાથે અનુમોદના કરી હતી. શ્રી લોકેશમુનિ મહારાજે મહાતપસ્વીની સાધનાને આ કાળના સૌથી મોટા ઇતિહાસ સ્વરૂપે ઓળખાવીને કહ્યું હતું કે, જેમના શિષ્ય આવા મહાતપસ્વી છે, એમના ગુરુ એટલે કે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ એક એવા રત્ન છે, જેની પરખ એમના ગુરુ તપસમ્રાટ ગુરુદેવરૂપી ઝવેરી કરીને ગયા છે.

## સાધનાનો અંતિમ પડાવ

1008 દિવસની અખંડ તપ સાધના બાદ 1009માં દિવસનો પ્રથમ ઉપવાસ અને 1010માં દિવસના દ્વિતીય ઉપવાસ સ્વરૂપ અજોડ સાધનાના અંતિમ પડાવ સ્વરૂપ છઠ્ઠ તપના પરમ ગુરુદેવના શ્રીમુખેથી પચ્ચક્ખાણ ગ્રહણ કરતા મહાતપસ્વીને લાખો નયન અહોભાવથી વંદી રહ્યાં.

## મોકલાવી શૉલ

આ અવસરે રાજકોટથી પૂજ્ય શ્રી વનિતાબાઈ મહાસતીજીએ અનુમોદનાના ભાવ સાથે મહાતપસ્વી માટે શૉલ મોકલાવી હતી.

ઓહો કેવી હશે આવતીકાલની એ ક્ષણ... કેવું હશે એ દ્રશ્ય... અપાતા હશે પરમ ગુરુદેવના શ્રીમુખેથી દીક્ષાના દિવ્ય દાન... ને આવી રહેશે મહાતપસ્વીની તપ સાધનાના વિરામની એ ક્ષણ... એ પારણાની ક્ષણ... કેવી હશે ? કેવી હશે ? કેવી હશે ? એવા હજારો હૃદયના પ્રશ્ન અને હજારો આંખોની પ્રતીક્ષા સાથે આ અવસર પામ્યો વિરામ !

**વાસ્તવિકતાનો સ્વીકાર એ છે સંયમ !**




તપસ્વી શૂરવીરા... તપસ્વી શૂરવીરા, વહે જોમના દરીયા... તપસ્વી શૂરવીરા




પધારો... મુમુક્ષુ યશ્વીદીદી પધારો...



Hats off to you 'Because of you'



જયો જયોના ભાવમાં શ્રી સંઘ શ્રેષ્ઠિવર્યો



ઉપકારીના ચરણે મારી ચિત્રકારીની ભેટ



વારંવાર વંદના મહાતપસ્વીને



હું નહીં, મારા પદ્ચિન્હો અને હસ્તચિન્હો બનશે તમારા જીવન સંગાથ



વીરની કલાઈ પર વીરાંગનાનું અંતિમ બંધન



હે ધર્મ માતા-પિતા ! મારા પદ્ચિન્હોએ તમે પણ સંયમની પગલી ભરજો !

**જેવા સર્વજન એવા સ્વજન, એનું નામ સંયમ !**



મંગલ મુહૂર્ત આયો, મંડપ મુહૂર્ત વિધિનો



વંદનીય
ઈતિહાસનું
સર્જન કરી ગયા
મહાતપોત્સવ
અને
દીક્ષા મહોત્સવના
દશ્યો
28th April 2024

ક્ષણ પછી ક્ષણ વીતી રહી હતી અને મહોત્સવની પરાકાષ્ઠાની ક્ષણો નજીક આવી રહી હતી. પ્રભુનો દરબાર... ડુંગર દરબાર રાહ જોઈ રહ્યો હતો એ મહાતપસ્વી આત્માના આગમનની અને મહાત્યાગી મુમુક્ષુ આત્માના કલ્યાણની ઘડીઓની અને એવા સમયે દૂર દૂરથી સંભળાઈ રહ્યાં હતાં, જયકારના નાદ, અનુમોદનાના અનુનાદ, પણ ક્યાંથી ? ? ?

## તપ અનુમોદના યાત્રા મહાભિનિષ્ક્રમણ યાત્રા

એ નાદ સંભળાઈ રહ્યાં હતાં શ્રી C. V. શાહ - paradise પરિવારના આંગણેથી પ્રારંભ થયેલી તપ અનુમોદના યાત્રા અને સંસારને અલવિદા કરતી મુમુક્ષુની મહાભિનિષ્ક્રમણ યાત્રા ! મહાતપસ્વી આત્મા અને મુમુક્ષુ આત્માનો જયકાર કરતી, અનેક વિવિધતાથી શોભતી આ યાત્રા ગાજતી ગુંજતી ઋતંભરા વિશ્વ વિદ્યાલયના પ્રાંગણે પધારી.

## પધાર્યા તારણહારા મહાતપસ્વીના એ કૃપાદાતા, મુમુક્ષુના એ દીક્ષાદાતા

એ તારણહારા પરમ ગુરુદેવનું મંગલ આગમન અને મુમુક્ષુ આત્માનું આગમન થતાં જ પાવનધામ youthના યુવાનોએ સુંદર પ્રસ્તુતિ સાથે એમને વધાવી લીધાં.

## અદભૂત દશ્ય

પરમ સદભાગ્યે નિહાળવા મળે એવું હૃદયસ્પર્શી દશ્ય સર્જાયું, જ્યારે પરમ મહાસતીજીઓ એ ડોલીમાં બિરાજમાન કરીને મહાતપસ્વી મહાસતીજીનું આગમન કરાવ્યું. મુલુંડ Gen nextના યુવાનોએ સુંદર પ્રસ્તુતિ દ્વારા એમના આગમનને વધાવ્યું.

## પરમ ઉપદેશ માંગલ્ય

પ્રભુને પ્રેમ કરી લેવો, પ્રભુ જેવા બની જવું તે આ સંસારના race courseમાંથી બહાર નીકળવાનો માર્ગ છે. જીવવું તો પ્રભુ તારા અંશ સાથે, રહેવું તો ગુરુના ચરણ સાથે એવા શરણભાવ સાથે જેનો આત્મા એકવાર જાગી જાય, તેની માટે સ્વજનોની અપાર લાગણી પણ લૂખી-સૂકી બની જાય છે. જે મોહનો ત્યાગ કરી શકે, અણગાર બનવાનું alarm જેની અંદરમાં એકવાર વાગી જાય, જાગી જાય, એવાં આત્માઓ સંસારમાં કદી રહેતાં નથી.

## હવે ન રહેવાય આ સંસારમાં !

ક્ષણે ક્ષણે જેને મૃત્યુનું ભાન રહેતું હોય,



ધન્ય બન્યા જુહુ રાજમાર્ગ... પધારી મહાતપસ્વીની ભવ્ય સવારી

એવા આત્માને સંસાર છોડવો નથી પડતો પરંતુ સહજતાથી છૂટી જતો હોય છે. એવા ભાવ સાથે મુમુક્ષુ શ્રી યશ્વીદીદીએ ઉપસ્થિત સૌને મળેલા મનુષ્ય જીવનને સાર્થક કરી લેવાની પ્રેરણા આપીને પરમ ગુરુદેવને શીઘ્રતાથી દીક્ષા પ્રદાન કરવાની વિનંતી કરી હતી.

## બાળ સંઘપતિ શ્રીના સન્માન

સમગ્ર મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવના લાભાર્થી શ્રી અર્હન મનન પરાગભાઈ શાહનું આ અવસરે મસ્તકે સાફો પહેરાવીને શ્રી વિલેપાર્લે સંઘના પદાધિકારીઓ દ્વારા ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

## મને lottery લાગી ગઇ

મુમુક્ષુ શ્રી યશ્વીદીદી જેવી દીકરીને પામીને મને તો lottery લાગી ગઈ. એને ખોળામાં રમાડીને મને જેટલો આનંદ થયો હતો, એના કરતાં વધારે આનંદ જ્યારે તે 1008 આયંબિલ જેવી ઉગ્ર તપશ્ચર્યાના પારણા કરશે ત્યારે થશે, એક પિતૃ હૃદયમાંથી પ્રગટ થયેલા મુમુક્ષુ દીકરી પ્રત્યેના આવા ભાવ, સંવેદના પ્રસારી ગયાં.

## વિજય પ્રસ્થાન

સંસાર જીવનમાં અંતિમવાર માતા-પિતાના ચરણમાં વંદના કરીને ગુરુ મુખેથી આશિષ વચન પામીને સંસારને અલવિદા કરતાં પ્રભુનો વેશ ધરવાને મુમુક્ષુ શ્રી યશ્વીદીદીએ મૂકેલી દોટે સહુના હૃદયના તાર તાર રણઝણાવી દીધાં હતાં.

## મહાતપસ્વીની શાસન પ્રભાવના

પોણા ત્રણ વર્ષની દીર્ઘ તપશ્ચર્યા દરમિયાન મહાતપસ્વી મહાસતીજીએ અનેક ક્ષેત્રોમાં કરેલા વિચરણ અને શાસન પ્રભાવનાના દૃશ્યોએ સહુને અહોભાવિત કર્યા.

## World Record Certificate

વિક્રમ સર્જક તપશ્ચર્યા કરીને પૂજ્ય મુક્ત-લીલમ પરિવાર, ગુરુ પ્રાણ પરિવાર, ગોંડલ સંપ્રદાય અને સમગ્ર જિનશાસનને ધન્ય કરનારાં મહાતપસ્વી મહાસતીજીને World Record એનાયત થયો.

## હું નહીં, ગુરુકૃપા મહાન

1008 દિવસની સુદીર્ઘ તપશ્ચર્યાનો સમગ્ર શ્રેય પરમ ગુરુદેવની કૃપાને અર્પણ કરતાં મહાતપસ્વી મહાસતીજીએ કહ્યું હતું કે, અંતરના ભાવ પર જ્યારે ગુરુના visionનું yes અને ગુરુકૃપાનો stamp લાગી જાય, ત્યારે અશક્ય પણ શક્ય બની જતું હોય છે.

## આગમ સાર લોકાર્પણ

ડો. પૂજ્ય શ્રી આરતીબાઈ મહાસતીજી તેમજ પૂજ્ય શ્રી સુબોધિકાબાઈ મહાસતીજી દ્વારા સંપાદિત 32 આગમ ગ્રંથોના સાર સ્વરૂપ 21 આગમ સાર પુસ્તિકાઓનું લોકાર્પણ રાજકોટના શ્રી મયુરભાઈ શાહ, શ્રી પાર્લા સંઘના શ્રી જગદીશભાઈ ઝોંસા, શ્રી સંજયભાઈ સંઘવી, સાંજ સમાચારના તંત્રી શ્રી કરણભાઈ શાહ, ઝાલાવાડ સભાના શ્રી C. V. શાહ, લોક સભાના ઉમેદવાર શ્રી ઉજ્જવલ નિકમજી, અંધેરીના MLA અમિત સાટમજી, ઘાટકોપરના MLA શ્રી પરાગભાઇ શાહ, દીલ્લીના શ્રી દિલીપભાઈ ધોળકિયા, જૈન જાગૃતિ સેન્ટરના શ્રી રમેશભાઈ મોરબીયા, ચેન્નાઈના શ્રી હિતેનભાઈ કામદાર, શ્રી અશ્વિનભાઈ અજમેરા, શ્રી જયેશભાઇ શેઠ, શ્રી હિતેષભાઇ શાહ, શ્રી અનિલભાઈ કપાસી, ભારત જૈન મહા મંડળના શ્રી ડાંગીજી, શ્રી મિલનભાઈ અજમેરા આદિ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું.



આગમસારની પુસ્તિકાઓનું લોકાર્પણ કરી રહ્યાં શ્રેષ્ઠિવર્યો



અંતિમ વરસીદાન કરીને સંસારને અલવિદા કરતી મુમુક્ષુની દોટ

## મંગલ કળશ પધાર્યા

34,500થી પણ વધુ ઘરમાંથી લાખો ભાવિકોએ અર્પણ કરેલી સાકર ભરેલા મંગલ કળશના વધામણા સંઘપતિ શ્રી અર્હન મનન પરાગભાઈ શાહ પરિવાર દ્વારા કરવામાં આવ્યાં હતાં. દેશ અને વિદેશના અનેક ક્ષેત્રોમાંથી અર્પણ થયેલી સાકરનું જળ લાભાર્થી શ્રી શાહ પરિવાર દ્વારા મહાતપસ્વી મહાસતીજીને વહોરાવવામાં આવતાં ધન્યતા પ્રસરાઈ હતી.

## સંપ્રદાય સન્માન

ગોંડલ સંપ્રદાયના શ્રી પ્રવીણભાઈ કોઠારી, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ, શ્રી હરેશભાઈ વોરા, શ્રી સુરેશભાઈ કામદાર, શ્રી જીગ્નેશભાઈ વોરાએ મહાતપસ્વી મહાસતીજીને અહોભાવથી સંપ્રદાય સન્માન અર્પણ કર્યું. શ્રી માનસીબેન પરાગભાઈ શાહ દ્વારા 'મહાતપસ્વી'ની ગૌરવવંતી શાલ અર્પણ કરવામાં આવી.

## મહાતપસ્વીના પારણા

1008 દિવસના આયંબિલ તપની ઉપર બે દિવસના જ કળશ સમાન ઉપવાસ. સુદીર્ઘ સાધના બાદ 1011માં દિવસે, વિજય મુહૂર્તમાં મહાતપસ્વી મહાસતીજીને પારણા કરાવતી ઐતિહાસિક ક્ષણને નિહાળી લાખો નયન ધન્ય બની ગયાં.

## ઉતરી ગયા સંસારી વસ્ત્રો, પ્રભુ પછેડીમાં શોભી રહ્યાં મુમુક્ષુ

સંસારી વેશને ત્યજી, મુંડિત મસ્તકે, પ્રભુનો વેશ ધરીને આવતાં મુમુક્ષુના દર્શને વંદી રહ્યો જન સમુદાય !

## અમારી અનુમતિ છે

મુમુક્ષુ આત્માને દીક્ષા અર્પણ કરતાં પહેલાં પરમ ગુરુદેવ દ્વારા મુમુક્ષુના માતા-પિતા, શ્રી બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘ, શ્રી વિલેપાર્લે સંઘના તેમજ શ્રી ગોંડલ સંપ્રદાયના પ્રતિનિધિઓની તેમજ સ્વયં મુમુક્ષુ આત્માની અનુમતિ લેતાં સહુએ સહર્ષ અનુમતિ અર્પણ કરી હતી.

## કલ્યાણના દાન

મુમુક્ષુ શ્રી યશ્વીદીદીના સિદ્ધત્વના મંગલ પ્રારંભ સ્વરૂપ એમને દીક્ષામંત્રના કલ્યાણ દાન અર્પણ કરીને એમના ઉપર અસીમ ઉપકાર કરતાં પરમ ગુરુદેવને અર્પણ થઈ જન સમુદાયની અવિરામ ભાવવંદના !

## રજોહરણ વધામણા

લાભાર્થી ભાવિકો દ્વારા નૃત્ય કીર્તન સાથે સજાવેલી ડોલીમાં મુમુક્ષુ આત્માના રજોહરણને બિરાજમાન કરીને વધાવવામાં આવ્યાં.

## દિવ્યતાના વરદાન

યાચનાના ભાવ સાથે મુમુક્ષુના ફેલાયેલાં બે હાથમાં પરમ ગુરુદેવના શ્રી હસ્તે અર્પણ થયેલાં રજોહરણના દિવ્ય દાનના એ અલૌકિક દશ્યોએ અનેકના હૃદયમાં રજોહરણ પ્રાપ્તિની ઝંખના જાગૃત કરી દીધી.




સુંદર નૃત્ય પ્રસ્તુતિ સાથે ત્યાગી આત્માને વધાવી રહ્યાં AYSGના યુવાનો




ધન્ય ક્ષણોનો સાક્ષીદાર... સદ્દભાગી માનવ મહેરામણ

## સંતોની અનુમોદના

વિશેષ ભાવો સાથે પધારેલાં શ્રી લોકેશમુનિ મહારાજ, બૌદ્ધપંથના ભંતે શ્રી દીપાંકર સુમેધોજીની ભાવ અનુમોદના સાથે શિવાનંદ આશ્રમ અમદાવાદના અધ્યક્ષ, હિન્દુ ધર્મ આચાર્ય સભાના general secretary સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીએ સુંદર ભાવો સાથે ત્યાગી આત્માઓની અનુમોદના કરી હતી.

## પાવન પરમાર્થ

મહોત્સવમાં એકત્રિત થયેલી 2 કરોડ રૂપિયાના બહોળા અનુદાનની સમગ્ર રકમને પરમ ગુરુદેવની પ્રેરણાથી શ્રી વિલેપાર્લે સંઘ દ્વારા જરૂરિયાતમંદ ભાવિકોની Medical emergency માટે ઉપયોગ કરવાની જાહેરાત કરવામાં આવતાં સર્વત્ર પરમાર્થની ભાવના પ્રસરાઈ હતી.

## ગોંડલ સંપ્રદાયમાં આવકાર

ગોંડલ સંપ્રદાય દ્વારા નૂતનદીક્ષિત પરમ મહાસતીજીને ગુરુ પ્રાણ પરિવારના 219 ક્રમના સાધ્વીરત્નારૂપે આવકારવામાં આવ્યા હતાં.

## નૂતનદીક્ષિતના માંગલિક વચન

નૂતનદીક્ષિત પૂજ્ય શ્રી પરમ નેમપ્રિયાજી મહાસતીજીના શ્રીમુખેથી માંગલિક વચનોનું શ્રવણ કરીને સહુ કૃતકૃતાર્થ બન્યાં હતાં.



મહાતપસ્વીને આવકારી રહ્યાં AYSGના યુવાનો






દીક્ષાર્થીને વધાવવા માટેનો AYSG Gen Nextના યુવાનોનો આ તરવરાટ



સમ્માનિત થઇ રહ્યાં બાલ સંઘપતિ શ્રી અર્હન મનન પરાગભાઈ શાહ પરિવાર



મુમુક્ષુ કરી રહ્યા વૈરાગ્ય ભાવોની અભિવ્યક્તિ



મહોત્સવને નિહાળી ધન્ય બની રહ્યા હજારો નયન

# મહાતપોત્સવની અમૂલ્ય ક્ષણો...



ડોલીમાં બિરાજમાન કરીને મહાતપસ્વીને અહોભાવે વધાવી રહ્યાં સાધ્વી વૃંદ




શૉલનું ગૌરવ અર્પણ કરી રહ્યાં શ્રી માનસીબેન પરાગભાઈ શાહ પરિવાર



લહેરાતા ધ્વજ અને અષ્ટમંગલના પ્રતિક સાથે મહાતપસ્વીના વધામણા




મહાતપસ્વીને સંપ્રદાય સન્માન અર્પણ કરી રહ્યાં શ્રી સંઘ શ્રેષ્ઠીવર્યો



સાકર જળ વ્હોરાવી રહ્યાં શ્રી અર્હમ મનન પરાગભાઈ શાહ પરિવાર




મહાતપસ્વીને સાકર જળ વ્હોરાવી રહ્યાં વિલેપાર્લે AYSGના યુવાનો

# તપસ્વી શૂરવીરા



ત્રિલોક નાથ નિરંજન
જય જય મહાવીર
તપના તીરથ તોડે કર્મ તમામ, જય હો તપસ્વી
મોહ સંગ્રામે દેહનું દે બલિદાન, જય હો તપસ્વી (2)
તપસ્વી શૂરવીરા હો...વીરના તપસ્વી શૂરવીરા (2)
અડગ મેરુની શીલા, જાણે અડગ મેરુની શીલા (2)
તપસ્વી શૂરવીરા (2) અડગ મેરુની શીલા (2)

જય જય હો... તપસ્વીનો જય જય હો...

આજ પરાકાષ્ઠા એ છે પુરુષાર્થ, જય હો તપસ્વી
જીતી ગયા મોહ રાજાનો હર વાર, જય હો તપસ્વી
વહે જોમના દરિયા તપમાં વહે જોમના દરિયા
કર્મો સામે કેસરિયા, હા કર્મો સામે કેસરિયા

Scan Here

વહે જોમના દરિયા (2) કર્મો સામે કેસરિયા (2)
લહેરાવી દો મુક્તિ પતાકા આજ, જય હો તપસ્વી
સદા અમર રહે આતમનું સ્વરાજ, તપસ્વી શૂરવીરા
દુ:ખને આવકારે એવા દુ:ખોને આવકારે એવા,
તપસ્વી શૂરવીરા, તપસ્વી શૂરવીરા

જય જય હો... તપસ્વીનો જય જય હો...

તપ સમ્રાટ ગુરુના વારસદાર, જય હો તપસ્વી
તુજમાં ધન્ના અણગારના સાક્ષાત્કાર, જય હો તપસ્વી
તપસ્વી શૂરવીરા, વીરના તપસ્વી શૂરવીરા
અડગ મેરુની શીલા જાણે અડગ મેરુની શીલા
તપસ્વી શૂરવીરા, તપસ્વી શૂરવીરા

જય જય હો... તપસ્વીનો જય જય હો...

સૌજન્ય: શ્રી હેતલબેન હાર્દિકભાઈ દેસાઈ



# મુમુક્ષુ
# શ્રી યશ્રીદીદી
# મહેન્દ્રભાઈ નંદુ
# બન્યાં





ચરણ પૂજન કરી રહ્યા શ્રી જાસ્મીનબેન નિરવભાઈ બાટવીયા અને શ્રી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા પરિવાર



શ્રીફળ ગ્રહણ કરી રહ્યા શ્રી દિનેશભાઈ મોદી પરિવાર



વિજય તિલક કરી રહ્યા માતૃશ્રી કંચનબેન રમણીકલાલ શેઠ





વિજય તિલક કરી રહ્યા શ્રી મનીષાબેન પ્રશાંતભાઈ શાહ અને માતૃશ્રી અનસુયાબેન નટવરલાલ શેઠ પરિવાર



માતૃ - પિતૃ વંદન કરતા દીક્ષાર્થી



ડોલીમાં અહોભાવે પધાર્યા દીક્ષાર્થીના તારણહાર રજોહરણ



હે ગુરુવર ! હવે ના કરો વિલંબ, આપોને રજોહરણ



નૂતન નામકરણના લાભાર્થી શ્રી શશીકાંતભાઈ ટોલિયા પરિવાર





નૂતનદીક્ષિત મહાસતીજીને ઉપકરણ વહોરાવી રહ્યા
લાભાર્થી શ્રી મીનાબેન શૈલેષભાઈ દેસાઈ તેમજ શ્રી ઉષાબેન નીલેશભાઈ મોદી પરિવાર

## પૂજ્ય શ્રી પરમ નેમપ્રિયાજી મહાસતીજી



# પારસધામના આંગણે આયંબિલ ઓળી આરાધના પર્વ અંતર અજવાસના દીપક પ્રજ્વલિત કરી ગયું

## 340થી વધુ ભાવિકો નવ દિવસની આરાધના કરી ધન્ય બન્યાં

**'હે પ્રભુ ! હું પણ એક ને એક દિવસ અરિહંત બનીશ અને સમવશરણમાં બિરાજીને હજારો જીવોને બોધ પમાડીશ.'**

હજારો હૃદયમાં આવા દિવ્ય સ્વપ્નના વાવેતર કરાવીને, ભાવિના ભગવાન બનવાની ભાવનાનું પ્રાગટ્ય કરાવીને પરમ ગુરુદેવના સાંનિધ્યે પારસધામના આંગણે ઉજવાયેલું પર્વ ન માત્ર વડીલ ભાવિકો પરંતુ યુવાનો અને બાળકોના હૃદયમાં પણ ત્યાગ, તપશ્ચર્યા, પ્રભુ ભક્તિ અને સત્યના અજવાળા કરીને અવિસ્મરણીય બની ગયું હતું.

દરરોજ સવારના સમયે, **'તપસ્યા સમસ્યા કા સમાધાન'** વિષય પર અને દરરોજ રાત્રિના સમયે **'ધર્મ એક હી - સહારા'** વિષય પર પરમ ગુરુદેવ તેમજ પૂજ્ય મહાસતીજીના શ્રીમુખેથી વહેતી પ્રવચનધારા સહુના માટે આત્મશુદ્ધિની પ્રેરણા બની હતી.

પર્વના નવ દિવસ દરમિયાન દરરોજ 380થી વધુ ભાવિકોની આરાધના સાથે 340થી વધુ ભાવિકોએ નવ દિવસની પૂર્ણ આયંબિલ ઓળી કરીને પોતાના આત્માની શુદ્ધિ કરી હતી. દરેક ભાવિકોની આયંબિલ આરાધનાનો સંપૂર્ણ લાભ, પધારનાર દરેક ભાવિકોની પ્રભાવનાનો લાભ તેમજ 340થી વધુ ભાવિકોના પારણા અને તેમની અનુમોદનાનો સમગ્ર લાભ લઈને વિસાવદર નિવાસી માતુશ્રી અનસુયાબેન નટવરલાલ શેઠ પરિવાર ધન્યાતિધન્ય બન્યાં હતાં. દરેક આયંબિલ આરાધકો શાતાપૂર્વક આયંબિલ કરી શકે તે માટેની સંપૂર્ણ વ્યવસ્થા 'આરાધ્યા વન પાર્ક' ખાતે શ્રી પરાગભાઈ શાહ પરિવાર દ્વારા કરવામાં આવી હતી.




### ગુરુવાણીનું ગુંજન

- જેના શરણથી આપણે શુદ્ધ બની જઈએ તે અરિહંત !
- અંતરનો સંકલ્પ, સિદ્ધિની પ્રાપ્તિ કરાવે.
- મારા અંતરમાં ચારિત્ર જગાવી દે, તે મારા આચાર્ય !
- કોઈ ન જોઈ શકે એવું જોઈ શકવા માટે visionary બનવાની પ્રેરણા આપે, તે ઉપાધ્યાય !
- સહુ મારા પણ મારું કોઈ નહીં, તે સાધુ !
- જ્ઞાનના ક્ષેત્રમાં જે આગળ વધે છે, એ જ મોક્ષમાર્ગમાં આગળ વધી શકે છે.
- જે જ્ઞાન કદી change ન થાય તે જ્ઞાન, દર્શન બની જાય.
- સત્યને આચરણમાં લાવવાનો પુરુષાર્થ, તે 'ચારિત્ર' !
- Self પર control કરવાનો શ્રેષ્ઠ ઉપાય, તે 'તપ' !



ગુરુવાણીના ગુંજનમાં ગુલતાન બન્યાં અમે

# ભારત જૈન મહામંડળના ઉપક્રમે યોજાયો
# ભગવાન મહાવીરનો 2623rd જન્મ કલ્યાણક મહોત્સવ



**દાદરના યોગી સભાગૃહ ખાતે યોજાયેલા આ અવસરમાં**
**પૂજ્ય શ્રી કમલકુમારજી મહારાજ સાહેબ, પૂજ્ય આચાર્ય શ્રી નયન પદ્મસાગરજી મહારાજ સાહેબ,**
**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ તેમજ**
**પૂજ્ય શ્રી અક્ષયજ્યોતિજી મહાસતીજીએ પ્રભુ મહાવીરનો સંદેશ પ્રસરાવીને સહુને પ્રેરિત કર્યા હતાં.**

## અતિથિ વિશેષની ઉપસ્થિતિ

ન્યાયમૂર્તિ શ્રી સંદીપજી મહેતા (Supreme Court of India), ન્યાયમૂર્તિ શ્રી ડો. સુધીરકુમારજી જૈન (Delhi High Court), એવમ્ શ્રી જિતેન્દ્રજી જૈન (Mumbai High Court), શ્રી મંગલ પ્રભાતજી લોઢા (Cabinet minister Maharashtra), શ્રી મિલનજી દેવરા (Member of Rajya Sabha), શ્રી ઉજ્જવલજી નિકમ (lawyer), શ્રી રાહુલ નાર્વેકરજી (Candidate for Lok Sabha) આદિ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહીને અવસરના સદ્ભાગી બન્યાં હતાં.




મંચ પર બિરાજિત પૂજનીય સંતો અને અતિથિવિશેષ મહાનુભાવો

## પરમ ગુરુદેવનો સંદેશ

**“ ભગવાન મહાવીર જેવા ચારિત્રવાન બનીને ભગવાનના ચાહક બની જવાનો ”**
**પાવન સંદેશ આપીને પરમ ગુરુદેવે સહુને પ્રેરિત કર્યા હતાં.**

## બાળ મહાવીર ઉત્સવ

બાળ હૃદયમાં પ્રભુના ગુણોને જન્માવવાના પુરુષાર્થ સ્વરૂપ Look N Learn Jain Gyan dhamના ઉપક્રમે **'બાલ ગુણ મેલા'**ના અનોખા કાર્યક્રમ સાથે ભગવાન મહાવીર જન્મ કલ્યાણકનો અવસર ઉજવાયો હતો, જેમાં સમગ્ર મુંબઈની 100થી વધુ જૈનશાળાના તેમજ Look N Learnના મળીને સેંકડો બાળકો જોડાયાં હતાં.

## 'મેં બનું પ્રભુ મહાવીર જૈસા'

આ theme સાથે ગીત, સંગીત નૃત્ય, drama, speech, mono acting, musical performances, drawing, painting આદિ અનેક પ્રકારની કલાના માધ્યમે બાળકોએ પ્રભુના ગુણોનું દર્શન કરાવીને ન માત્ર પ્રભુના જન્મોત્સવની ઉજવણી કરી પરંતુ પોતાની અંદરની કલા અને સામર્થ્યના પણ દર્શન કરાવ્યાં હતાં.

## The winner:

Performance આપનારા દરેક બાળકોમાંથી શ્રેષ્ઠ perform કરનારા વિજેતાઓને અનુક્રમે ₹ 1 લાખ, ₹ 75,000 અને ₹ 50,000નું ઇનામ શ્રી ખીમજીભાઈ છાડવા, શ્રી રમેશભાઈ મોરબિયા આદિના હસ્તે આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંતમાં ભાગ લેનાર દરેક બાળકોને 15 ગ્રામ ચાંદીના coin આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

## પરમ ગુરુદેવનું vision

**દીર્ઘદષ્ટા પરમ ગુરુદેવે આ અનોખા કાર્યક્રમના આયોજનનો હેતુ સમજાવતાં કહ્યું હતું કે, બાળકોના હૃદયમાં પ્રભુના ગુણોનો જન્મોત્સવ કરાવવાનો આ પુરુષાર્થ બાલ હૃદયમાં આજે પ્રભુ પ્રત્યે અહોભાવ જગાવશે, આવતીકાલે કદાચ પ્રભાવ જગાવશે અને બની શકે કે, સમય જતા સંસાર પ્રત્યે અભાવ પણ જગાવી દે.**

### ભગવાન મહાવીર

પરમ ગુરુદેવની પ્રેરણાથી ગુજરાતી ભાષામાં સર્જાયેલી 'ભગવાન મહાવીર' પુસ્તિકા આધારિત open book competitionની આ અવસરે જાહેરાત કરવામાં આવી હતી.

### નમસ્કારમંત્ર પઠન

અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા સંચાલિત Arham Academy અંતર્ગત સંસ્કારિત થયેલાં અનાથાશ્રમમાં બાળકો દ્વારા નમસ્કાર મંત્રનું પઠન કરવામાં આવતાં અહોભાવ પ્રસરાયો હતો.

Look N Learnના દીદીઓની સુંદર પ્રસ્તુતિ અને ભક્તિ સ્તવનાના રેલાતા સૂરો સાથે આ અવસર સહુના હૃદયમાં પ્રભુ પ્રેમ પ્રગટાવી ગયો હતો.

### અનુમોદનીય વિમોચન - RSS

ભગવાન મહાવીર જન્મ કલ્યાણક અવસરે RSS -રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા એમના Monthly Magazine 'વિવેકમાં' તીર્થંકર ભગવાન મહાવીર વિવેક વિશેષાંક પ્રકાશિત થતાં, RSSના ભાવિકોની તીર્થંકર પ્રભુ મહાવીર પ્રત્યેની અહોભાવનાની અનુમોદના કરવા પરમ ગુરુદેવની પ્રેરણાથી પારસધામમાં પરમ ગુરુદેવના સાંનિધ્યે 'વિમોચન સમારોહ' યોજાયો હતો અને ઉપસ્થિત સ્વયં સેવકોની સદ્ભાવનાનું સન્માન કરવામાં આવ્યું હતું.

### Kids આયંબિલ

બાળ હૃદયમાં નાનપણથી જ ત્યાગ અને તપશ્ચર્યાનું સંસ્કરણ કરવાના હેતુ સાથે બાળકો માટે વિશેષરૂપે **'Kids આયંબિલ'**ના આયોજનમાં દરરોજ અનેક બાળકો જોડાઈને આયંબિલ તપનો લાભ પામ્યાં હતાં.

### પારણા ઉત્સવ

પરમ ગુરુદેવના સાંનિધ્યે નવ - નવ દિવસ સુધી આયંબિલ તપની આરાધના કરનારા 340થી વધુ ભાવિકોના પારણાનો અવસર પારસધામ તેમજ Aaradhya van Park ખાતે યોજાયો હતો.

તપ સાધના કે ધર્મ સાધનાની ચાલતી ગાડીને break ન મારતાં સદાય દોડતી રાખવાની રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની પ્રેરણા સાથે આયંબિલ ઓળીનું પર્વ અવિસ્મરણીય બન્યું હતું.



'તીર્થંકર ભગવાન મહાવીર' વિશેષાંક વિમોચનની ક્ષણ

# પ્રભુજી અમારા વ્હાલા વ્હાલા... બાલ ગુણ મેલા



મુંજવણમાં મુકાયા judges
બધાં જ best છે, કોને ઈનામ આપવું ?



નમસ્કાર મંત્રનું પઠન કરીને આશ્રમના બાળકોએ પણ
પ્રભુને birthday wish કર્યું




Congratulations ! आपको मिल रहा है
₹1 लाख का पहला इनाम ।










Congratulations ! आपको मिल रहा है ₹ 75,000 का दूसरा इनाम ।




Congratulations ! आपको मिल रहा है
₹50,000 का तीसरा इनाम ।




વિજેતા બાળકોને મળી પ્રભુજીની
return gift medal



ત્રિશલામાતાને આવેલા 14 મહાસ્વપ્નની
બેજોડ પ્રસ્તુતિ

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2023-2025 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2023-2025
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-5-2024

ARHAM YUVA SEVA GROUP
PAROPKAR SE PARMATMA

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત

# અર્હમ યુવા સેવા ગ્રુપ સંચાલિત

# પસ્તી સે પુસ્તક - જ્ઞાનદાનનું અભિયાન









## મહા પસ્તી અભિયાન 55+ Centres

## 159131 KG પસ્તી Collect કરી









**DONATE NOW: www.arham.org | CONTACT: 7666708869**

**Printed & Published by:** Deepak K. Bhayani on behalf of Jain Kranti Printed at: Arihant Printing Press B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400077. and published from Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai-400 069.